સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 28

[JULY - 2020]
[05/07/20 to 11/07/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

# MIRACLES

EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 6

01 TO 15 JULY - 2020

ICE®

Click Here To DOWNLOAD

## CURRENT TOPICS

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ' લોન્ચ
- ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ દ્વારા ભારતમાં નિર્માણ પામેલી પ્રથમ સોશિયલ મીડિયા એપ 'એલીમેન્ટ્સ' લોન્ચ
- ભારતમાં ટીબીના દર્દીઓની સારવારમાં ગુજરાત પ્રથમ
- સમગ્ર ભારતમાં સૌપ્રથમ ગુજરાતના વડોદરા જિલ્લાની શાળાઓમાં 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ પ્રોજેક્ટ'નો પ્રારંભ
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે 'કૃષિ વૈવિધ્યકરણ યોજના'નું ઈ-લોન્ચિંગ
- JLL'S 'Global Real Estate Transparency Index 2020'માં ભારત 34મા ક્રમે


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**05 JULY, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 5 જુલાઈ, અષાઢ સુદ પૂનમ, ગુરૂપૂર્ણિમા



ભારતમાં દર વર્ષે **અષાઢ સુદ પૂનમ ગુરૂપૂર્ણિમા** તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત વર્ષ **2020**માં **5 જુલાઈ**ના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ભારતમાં **આદી શંકરાચાર્ય** દ્વારા શરૂ થયેલી ગુરૂશિષ્ય પરંપરામાં તેમજ ભારતમાં અનાદીકાળથી ચાલી આવતી આધ્યાત્મિક પરંપરામાં ગુરૂપૂર્ણિમાનો વિશેષ મહિમા છે. ભારતીય સંસ્કૃતિની, ભારતીય અધ્યાત્મ જગતની કોઈ વિલક્ષણ ઘટના હોય તો તે **ગુરૂશિષ્ય** પરંપરા છે.
- કદાચ વિશ્વને ભારતની કોઈ સૌથી મોટી ભેટ હોય તો તે આ ગુરૂશિષ્ય પરંપરા જ છે.
- ભારતના ગૌરવવંતા ઈતિહાસમાં વાલિયા લૂંટારામાંથી 'વાલ્મિકી ઋષિ', બહારવટીયા જેસલમાંથી 'જેસલપીર', શિવામાંથી 'છત્રપતિ શિવાજી મહારાજ' અને નરેન્દ્રમાંથી 'સ્વામી વિવેકાનંદ'નો પ્રાદૂર્ભાવ એ આ ગુરૂશિષ્ય પરંપરાના જ નીતર્યા મોતી છે.

**નોંધ :** ગુરૂપૂર્ણિમાના દિવસે મહાભારતના રચયિતા **મહર્ષિ વ્યાસજી**નો જન્મ દિવસ હોવાથી આ પૂર્ણિમાને **'વ્યાસપૂર્ણિમા'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ➤ ભારતીય હિન્દી સિનેમાના પ્રથમ મહિલા કોરિયોગ્રાફર સુશ્રી સરોજ ખાનનું નિધન



ભારતીય હિન્દી સિનેમાના પ્રસિદ્ધ ડાન્સ કોરિયોગ્રાફર **સુશ્રી સરોજ ખાનનું મહારાષ્ટ્રના મુંબઈ** ખાતે 3 જુલાઈ, 2020ના રોજ 71 વર્ષની વયે **હાર્ટ એટેક**થી નિધન થયું છે.

- મહારાષ્ટ્રના **મુંબઈ** ખાતે 22 નવેમ્બર 1948ના રોજ તેમનો જન્મ થયો હતો.

### કારકિર્દી

- સુશ્રી સરોજ ખાન ભારતીય હિન્દી સિનેમાના **પ્રથમ મહિલા ડાન્સ કોરિયોગ્રાફર** હતા.
- તેઓ **મુજરા** નામના નૃત્ય માટે પ્રસિદ્ધ હતા.
- તેમણે ભારતીય હિન્દી સિનેમામાં 3000થી વધુ ગીતોની કોરિયોગ્રાફી કરી હતી.
- તેમની કોરિયોગ્રાફર તરીકેની કારકિર્દીનો પ્રારંભ 1974માં પ્રસિદ્ધ થયેલી **'ગીતા મેરા નામ'** ફિલ્મથી થયો હતો.
- તેમના પ્રસિદ્ધ ગીતોમાં :

(1) હવા હવાઈ (મિસ્ટર ઈન્ડિયા)
(2) મૈં તેરી દુશ્મન, દુશ્મન તુ મેરા (નગીના)
(3) મેરે હાથોં મેં (ચાંદની)
(4) એક દો તીન (તેજાબ)
(5) તમ્મા તમ્મા લોગે (થાનેદાર)
(6) ધક ધક કરને લગા (બેટા)

વગેરેનો સમાવેશ થાય છે.

## ટેલિવિઝન

તેમણે 'નચ બલિયે', 'ઉસ્તાદોં કે ઉસ્તાદ', 'નચલે વે વિથ સરોજ ખાન', 'બૂગી વૂગી', 'ઝલક દિખલા જા' વગેરે જેવા ટીવી પ્રોગ્રામમાં જજ તરીકે કાર્ય કર્યું હતું.

## એવોર્ડ

સુશ્રી સરોજ ખાનને બેસ્ટ કોરિયોગ્રાફી માટે વર્ષ 2003, 2006 અને 2008માં કુલ ત્રણ **'નેશનલ ફિલ્મ એવોર્ડ'** મળ્યા હતા.

- આ ઉપરાંત તેમને 8 જેટલા **'ફિલ્મફેર બેસ્ટ કોરિયોગ્રાફી એવોર્ડ'** એનાયત થયા હતા.
- વર્ષ 2002માં તેમને **'લગાન'** ફિલ્મ માટે **'અમેરિકન કોરિયોગ્રાફી એવોર્ડ'** પણ એનાયત થયો હતો.

**નોંધ :** (1) સુશ્રી સરોજ ખાને ત્રણ વર્ષની ઉંમરે બાળ કલાકાર તરીકે વ્યવસાયનો પ્રારંભ કર્યો હતો. એ સમયે તેમણે **'નજરાના'** ફિલ્મમાં **'શ્યામા'** નામની બાળકીનો રોલ કર્યો હતો.

(2) બોલિવૂડમાં **માસ્ટરજી** તરીકે જાણીતા સુશ્રી સરોજ ખાનનું બાળપણનું નામ **નિર્મલા નાગપાલ** હતું.

(3) સુશ્રી સરોજ ખાને 13 વર્ષની ઉંમરે 43 વર્ષના બી. સોહનલાલ ખાન સાથે લગ્ન કર્યા હતા. અને એ સમયે બી. સોહનલાલ ઓલ રેડી મેરિડ હતા અને 4 બાળકોના પિતા હતા. જેની સુશ્રી સરોજ ખાનને જાણ પણ ન હતી !!!

## ➤ ભારતમાં વૈજ્ઞાનિક શોધને પ્રોત્સાહન આપવા 'એક્સેલરેટ વિજ્ઞાન' યોજનાનો પ્રારંભ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **'એક્સેલરેટ વિજ્ઞાન' (Accelerate Vigyan)** યોજના લોન્ચ કરવામાં આવી છે.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં **વૈજ્ઞાનિક શોધને પ્રોત્સાહન આપવાનો** અને વિજ્ઞાનના ક્ષેત્રમાં કાર્ય કરવા માટે **માનવ સંસાધનનું નિર્માણ કરવાનો** છે.
- આ માટે આ યોજના અંતર્ગત ભારતમાં વિજ્ઞાન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને રિસર્ચ, ઈન્ટર્નશિપ, ક્ષમતા નિર્માણ કાર્યક્રમો અને વર્કશોપ સંબંધિત રાષ્ટ્રીય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ભારતમાં કેન્દ્ર સરકારના **સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના 'Science and Engineering Research Board' (SERB)** દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી છે.

**નોંધ :** (1) આ યોજનાનો અમલ **'મિશન મોડ'** અંતર્ગત કરવામાં આવશે.

(2) 'મિશન મોડ યોજના' એટલે એવી યોજના કે જેને નિયત સમય મર્યાદામાં પૂરી કરવામાં આવે અને તેમાં પ્રાપ્ત કરવામાં આવેલા લક્ષ્યો અને પરિણામોને માપવાના સ્પષ્ટ માપદંડ હોય.

(3) આ યોજનાના અમલ માટે **'આંતર મંત્રાલય નિરિક્ષણ સમિતિ'**ની રચના કરવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.


icerajkot
ભારતનું
બંધારણ
MCQ SERIES
Click to Play
MCQ SERIES QUESTION - 1
સંવિધાન
Topic :
✓ બંધારણ – વ્યાખ્યા
✓ સાર્વભૌમત્વ – સંકલ્પના
- Maulik sir
QUESTION - 2
સંવિધાન
Topic :
✓ બંધારણનું વર્ગીકરણ
- Maulik sir
QUESTION - 3
સંવિધાન
Topic :
✓ ભારત દેશની શાસન વ્યવસ્થા અર્ધસમવાયતંત્રી કઈ રીતે ?
- Maulik sir
MCQ SERIES QUESTION - 4
સંવિધાન
Topic :
✓ ભારતની સંસદીય પદ્ધતિની લોકશાહી સરકાર એટલે ?
- Maulik sir
MCQ SERIES QUESTION - 5
સંવિધાન
Topic :
✓ શું ભારતમાં બંધારણ સર્વોપરી છે ?
- Maulik sir
MCQ SERIES QUESTION - 6
સંવિધાન
Topic :
✓ ભારત દેશ UNION કે UNITED ?
- Maulik sir
MCQ SERIES QUESTION - 7
સંવિધાન
Topic :
✓ નવા રાજ્યોની રચના કેવી રીતે કરી શકાય ?
- Maulik sir
MCQ SERIES QUESTION - 8
સંવિધાન
Topic :
✓ અધિકાર એટલે ?
- Maulik sir
સુપ્રીમ કોર્ટના મહત્ત્વના ચુકાદાઓ વિશે શીખો
100% આવડી જ જશે ગેરંટી
Sp.EPISODE PART-1
સુપ્રીમ કોર્ટના મહત્ત્વના ચુકાદાઓ વિશે શીખો
100% આવડી જ જશે ગેરંટી
Sp.EPISODE PART-2
સંવિધાન
✓ કાયદા સમક્ષ સમાનતા
✓ કાયદાનું સમાન રક્ષણ
મતલબ ???
MCQ SERIES QUESTION - 9
- Maulik sir
ભારતનું
સંવિધાન
અનુચ્છેદ 15
Detailsમાં સમજીએ...
MCQ SERIES QUESTION - 10
- Maulik sir
MCQ SERIES
પ્રશ્ન તમારા જવાબ ICEના
ભારતનું
સંવિધાન
- Maulik sir
ભારતનું
સંવિધાન
અનુચ્છેદ 18
MCQ SERIES QUESTION - 11
✓ ઈલ્કાબો કે ઈનામો ???
✓ નાબુદી શા માટે ???
- Maulik sir
MCQ SERIES QUESTION - 12
ભારતનું
સંવિધાન
અનુ. 19 (1) (a)
✓વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા નાગરિકો કેવી રીતે ભોગવી શકે છે ???
- Maulik sir
MCQ SERIES QUESTION - 13
ભારતનું
સંવિધાન
✓શું લોકડાઉન સ્વતંત્રતાના મૂળભૂત અધિકારોનું હનન છે ???
- Maulik sir
MCQ SERIES QUESTION - 14
ભારતનું
સંવિધાન
અનુ.: 20
✓ શું આરોપીઓને બંધારણ દ્વારા રક્ષણ પ્રાપ્ત છે ???
- Maulik sir
ભારતનું
સંવિધાન
MCQ SERIES QUESTION - 15
અનુ.: 21
✓ કાયદા દ્વારા સ્થપિત પ્રક્રિયા ???
✓ કાયદાની ઉચિત પ્રક્રિયા ???
- Maulik sir
Continue...
YouTube
SUBSCRIBE
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. ભારતમાં દર વર્ષે 'ગુરૂપૂર્ણિમા' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) મહા સુદ પૂનમ (B) મહા વદ પૂનમ
(C) અષાઢ સુદ પૂનમ (D) અષાઢ વદ પૂનમ **(C)**

2. ભારતમાં કઈ પૂનમ 'વ્યાસ પૂર્ણિમા' તરીકે ઓળખાય છે ?
(A) શરદ પૂનમ (B) ચૈત્રી પૂનમ
(C) ભાદરવી પૂનમ (D) ગુરૂ પૂનમ **(D)**

3. ભારતીય હિન્દી સિનેમાના પ્રથમ મહિલા ડાન્સ કોરિયોગ્રાફર કોણ છે ?
(A) સુશ્રી શ્યામા મુખર્જી (B) સુશ્રી નેહા શર્મા
(C) સુશ્રી સરોજ ખાન (D) સુશ્રી સુધા વર્મા **(C)**

4. ભારતીય હિન્દી સિનેમાના પ્રથમ મહિલા કોરિયોગ્રાફર સુશ્રી સરોજ ખાનનું તાજેતરમાં નિધન થયું છે....તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) દિલ્હી (B) મુંબઈ (C) પૂણે (D) ભોપાલ **(B)**

5. ભારતીય હિન્દી સિનેમાના પ્રથમ મહિલા કોરિયોગ્રાફર સુશ્રી સરોજ ખાનનું તાજેતરમાં નિધન થયું છે..તેમની કોરિયોગ્રાફર તરીકેની કારકિર્દીનો પ્રારંભ કઈ ફિલ્મથી થયો હતો ?
(A) સીતા મેરા નામ (B) ગીતા મેરા નામ
(C) નીતા મેરા નામ (D) મીતા મેરા નામ **(B)**

6. ભારતીય હિન્દી સિનેમાના પ્રથમ મહિલા કોરિયોગ્રાફર સુશ્રી સરોજ ખાનનું તાજેતરમાં નિધન થયું છે..તેઓ કયા નૃત્ય માટે પ્રસિદ્ધ હતા ?
(A) કથક (B) ઓડિશી (C) કથકલી (D) મુજરા **(D)**

7. ભારતીય હિન્દી સિનેમાના પ્રથમ મહિલા કોરિયોગ્રાફર સુશ્રી સરોજ ખાનનું તાજેતરમાં નિધન થયું છે..તેમનું બાળપણનું નામ શું હતું ?
(A) નિર્મલા નાગપાલ (B) નિમિષા નાગપાલ
(C) નિલમ નાગપાલ (D) નિલિમા નાગપાલ **(A)**

8. ભારતમાં વૈજ્ઞાનિક શોધને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ SERB દ્વારા કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?
(A) એક્સેલરેટ વિજ્ઞાન (B) એજ્યુકેટ વિજ્ઞાન
(C) એડવાન્સ્ડ્ વિજ્ઞાન (D) એજ્યુકેર વિજ્ઞાન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. ભારતમાં વૈજ્ઞાનિક શોધને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગની કઈ સંસ્થા દ્વારા 'એકસેલરેટ વિજ્ઞાન' યોજના શરૂ કરવામાં આવી છે ?
(A) સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ રિસર્ચ બોર્ડ (SERB)
(B) સાયન્સ એન્ડ ઈલેક્ટ્રોનિક રિસર્ચ બોર્ડ (SERB)
(C) સાયન્સ એન્ડ ઈલેક્ટ્રિકલ રિસર્ચ બોર્ડ (SERB)
(D) ત્રણમાંથી કોઈ નહિ

**(A)**

## 06 JULY, 2020 MONDAY

### ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ' લોન્ચ

4 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 'આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ' (Atmanirbhar Bharat App Innovation Chalenge)નો શુભારંભ કરાવ્યો છે.

- ભારતમાં આ ચેલેન્જ લોન્ચ કરવાનો મુખ્ય ઉદ્દેશ સૌથી શ્રેષ્ઠ ભારતીય મોબાઈલ એપની શોધ કરવાનો અને તેને વૈશ્વિક એપ તરીકે વિકસાવવાનો છે.
- આ ચેલેન્જ એવી સૌથી શ્રેષ્ઠ ભારતીય એપ શોધવા માટે છે કે જે –
  (1) પહેલેથી જ ભારતના નાગરિકો દ્વારા ઉપયોગમાં લેવાતી હોય. અને
  (2) જેનામાં પોતાની કેટેગરીમાં વૈશ્વિક એપ બનવાની ક્ષમતા હોય.
- આ ચેલેન્જ અંતર્ગત જુદી જુદી 8 કેટેગરી લોન્ચ કરવામાં આવી છે.
- અને આ આઠ કેટેગરીમાં ભારતની શ્રેષ્ઠ મોબાઈલ એપ શોધવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કયા મંત્રાલય દ્વારા આ ચેલેન્જ લોન્ચ કરવામાં આવી છે ?

ભારતમાં કેન્દ્ર સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન સાથે પાર્ટનરશિપ કરીને આ ચેલેન્જ લોન્ચ કરવામાં આવી છે.

### આ ચેલેન્જના બે ટ્રેક

ભારતમાં આ ચેલેન્જ બે ટ્રેક અથવા તો બે તબક્કામાં લોન્ચ કરવામાં આવશે.

- જેમાં પ્રથમ તબક્કામાં 1 મહિના માટે ઉપરોક્ત ચેલેન્જ લોન્ચ કરવામાં આવી છે.

- આ અંતર્ગત ભારતમાં હાલ ઉપયોગમાં લેવાતી **શ્રેષ્ઠ ભારતીય એપ**ની ઓળખ કરીને તેને વૈશ્વિક એપ તરીકે વિકસાવવામાં આવશે.
- જ્યારે આ ચેલેન્જના **બીજા ટ્રેક** અથવા તો **બીજા તબક્કા**માં ભારતમાં **વૈશ્વિક કક્ષાની**, વિશ્વના અન્ય દેશોમાં પણ ઉપયોગમાં લઈ શકાય તેવી **શ્રેષ્ઠ નવી મોબાઈલ એપ**ના નિર્માણ પર ફોકસ કરવામાં આવશે.

## ➢ All India Radio પર 'સંસ્કૃત સાપ્તાહિકી' નામથી સંસ્કૃત ભાષામાં પ્રથમ સમાચારનું પ્રસારણ

ભારતમાં **'આકાશવાણી'** તરીકે પ્રસિદ્ધ **All India Radio** પર તાજેતરમાં **'સંસ્કૃત સાપ્તાહિકી'** નામથી **સંસ્કૃત** ભાષામાં એક **સમાચાર** પ્રોગ્રામનું પ્રસારણ કરવામાં આવ્યું હતું.

- ભારતમાં **ઓલ ઈન્ડિયા રેડિયો** પર **સંસ્કૃત ભાષા**માં પ્રસારિત થયેલા આ **પ્રથમ સમાચાર** હતા.
- અંદાજે 20 મિનિટના આ સંસ્કૃત સમાચાર **દર શનિવારે** આકાશવાણી પર પ્રસારિત થશે.
- જેનું ફરીથી પ્રસારણ **રવિવારે** થશે.
- ભારતમાં સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## ➢ ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ દ્વારા ભારતમાં નિર્માણ પામેલી પ્રથમ સોશિયલ મીડિયા એપ 'એલીમેન્ટ્સ' લોન્ચ

5 જુલાઈ 2020ને ગુરૂપૂર્ણિમાના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ **શ્રી એમ. વેંકૈયા નાયડુ**એ ભારતમાં **'એલીમેન્ટ્સ' (Elyments)** નામની એક મોબાઈલ એપ લોન્ચ કરી છે.

- જે ભારતમાં નિર્માણ પામેલી **પ્રથમ સોશિયલ નેટવર્કિંગ એપ** છે.
- ભારતમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત લોન્ચ કરવામાં આવેલી આ મોબાઈલ એપ **સંપૂર્ણ રીતે સ્વદેશી** મોબાઈલ એપ છે.
- ભારતના આશરે 1000થી વધુ IT નિષ્ણાતોની મદદથી આ એપનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### આ એપની વિશેષતા

Elyments એ એક **સોશિયલ નેટવર્કિંગ એપ** છે.

- આ એપ ભારતની મુખ્ય **8 ભાષાઓ**માં ઉપલબ્ધ છે.
- આ એપમાં **ચેટિંગની સુવિધા**ની સાથે સાથે **ઈ-કોમર્સ સેવાઓ** પણ ઉપલબ્ધ છે.
- આ એપમાં વપરાશકારોના ડેટાને સુરક્ષિત રાખવા માટે **'એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન'** જેવા ફિચર્સ પણ આપવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE ? Questions

1. ભારતમાં ઉપયોગમાં લેવાતી સૌથી શ્રેષ્ઠ ભારતીય એપની શોધ કરવા માટે 4 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કઈ ચેલેન્જ લોન્ચ કરી છે ?
(A) આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ
(B) આત્મનિર્ભર ભારત એપ સર્ચિંગ ચેલેન્જ
(C) આત્મનિર્ભર ભારત એપ ડેવલપિંગ ચેલેન્જ
(D) આત્મનિર્ભર ભારત એપ રિસર્ચ ચેલેન્જ
(A)

2. 4 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં લોન્ચ કરેલી 'આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ'નો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) ભારતમાં હાલ ઉપયોગમાં લેવાતી સૌથી શ્રેષ્ઠ મોબાઈલ એપની શોધ કરવી.
(B) ભારતમાં હાલ ઉપયોગમાં લેવાતી શ્રેષ્ઠ મોબાઈલ એપને વૈશ્વિક એપ તરીકે વિકસાવવી
(C) A અને B બંને
(D) ત્રણમાંથી કોઈ નહિ
(C)

3. 'આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ' અંતર્ગત કેટલી કેટેગરીમાં ભારતની શ્રેષ્ઠ મોબાઈલ એપની શોધ કરવામાં આવશે ?
(A) 5 (B) 6 (C) 8 (D) 10
(C)

4. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન સાથે સહયોગ સાધીને 'આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ' લોન્ચ કરવામાં આવી છે ?
(A) વિજ્ઞાન અને ટેક્નોલોજી (B) માનવ સંસાધન વિકાસ
(C) ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (D) ત્રણમાંથી કોઈ નહિ
(C)

5. તાજેતરમાં ભારતમાં ઓલ ઈન્ડિયા રેડિયો પર કઈ ભાષામાં પ્રથમ સમાચાર પ્રસારિત કરવામાં આવ્યા હતા ?
(A) ગુજરાતી (B) સંસ્કૃત (C) ઉર્દૂ (D) તેલુગુ
(B)

6. ભારતમાં ઓલ ઈન્ડિયા રેડિયો પર સંસ્કૃત ભાષામાં કયો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે ?
(A) સંસ્કૃત સપ્તાહ (B) સંસ્કૃત સપ્તરંગ
(C) સંસ્કૃત સાપ્તાહિકી (D) સંસ્કૃત બુલેટિન
(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**7.** ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ દ્વારા ભારતમાં નિર્માણ પામેલી કઈ પ્રથમ સોશિયલ નેટવર્કિંગ એપ લોન્ચ કરવામાં આવી છે ?

(A) એલીમેન્ટ્સ (B) અલાયમેન્ટ્સ

(C) એલીગન્સ (D) એલીગરેસન્શ

**(A)**

**8.** ભારતમાં તાજેતરમાં 'એલીમેન્ટ્સ' નામની ભારતમાં નિર્માણ પામેલી પ્રથમ સોશિયલ નેટવર્કિંગ એપ લોન્ચ કરવામાં આવી છે.... આ એપમાં કઈ સુવિધા ઉપલબ્ધ છે ?

(A) ચેટિંગ (B) ઈ–કોમર્સ

(C) A અને B બંને (D) ત્રણમાંથી કોઈ નહિ

**(C)**

**9.** ભારતમાં નિર્માણ પામેલી પ્રથમ સોશિયલ મીડિયા એપ 'એલીમેન્ટ્સ' કેટલી ભાષાઓમાં ઉપલબ્ધ છે ?

(A) 5 (B) 6 (C) 8 (D) 10

**(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS



**07 JULY, 2020 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 7 જુલાઈ, વિશ્વ ચોકલેટ દિવસ (World Chocolate Day)

## ➤ વાર્ષિક ટીબી રિપોર્ટ 2020 પ્રસિદ્ધ, ભારતમાં ટીબીના દર્દીઓમાં 14 ટકાનો વધારો



તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી **શ્રી ડો. હર્ષવર્ધને** ભારતનો વાર્ષિક **ટીબી રિપોર્ટ 2020** પ્રસિદ્ધ કર્યો છે.

- આ રિપોર્ટ અનુસાર વર્ષ **2018**ની તુલનાએ વર્ષ **2019**માં ભારતમાં ટીબીના દર્દીઓની સંખ્યામાં **14 ટકા**નો વધારો થયો છે.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ **2019**માં આશરે **24.04 લાખ** ટીબી દર્દીઓની ઓળખ કરવામાં આવી છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ **2017**માં જેની ઓળખ કરવામાં આવી ન હોય તેવા ટીબીના લાપતા દર્દીઓની સંખ્યા **10 લાખ**થી વધારે હતી. જે ઘટીને હવે **2.9 લાખ** થઈ ગઈ છે.
- આ ઉપરાંત ભારતમાં વર્ષ **2018**માં ઓળખાયેલા ટીબી દર્દીઓમાંથી **67 ટકા** દર્દીઓની HIV તપાસ કરવામાં આવી હતી. આ તપાસ વધીને વર્ષ **2019**માં **81 ટકા** થઈ ગઈ છે.
- ભારતમાં ઓળખ કરાયેલા દર્દીઓની સારવારના સફળતા દરમાં વર્ષ **2018**ની તુલનાએ વર્ષ **2019**માં **12 ટકા**નો વધારો થયો છે.
- આ અંતર્ગત ભારતમાં દર્દીઓની સારવારનો સફળતા દર વર્ષ **2018**માં **69 ટકા** હતો. જે વર્ષ **2019**માં વધીને **81 ટકા** થઈ ગયો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારતમાં ટીબીના સૌથી વધુ દર્દીઓ ઉત્તરપ્રદેશમાં

ટીબી રિપોર્ટ 2020 અનુસાર ભારતમાં ટીબીના સૌથી વધુ દર્દીઓ **ઉત્તરપ્રદેશ**માં છે.

- ભારતના કુલ દર્દીઓમાંથી એકલા **ઉત્તરપ્રદેશ**માં જ ટીબીના **20 ટકા** દર્દીઓ છે.
- **ઉત્તરપ્રદેશ** બાદ **9 ટકા**ના હિસ્સા સાથે **મહારાષ્ટ્ર બીજા** ક્રમે છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતના ફક્ત **પાંચ રાજ્યો**માં જ દેશના કુલ દર્દીઓમાંથી **50 ટકાથી વધુ** ટીબીના દર્દીઓ નોંધાયા છે.
- આ પાંચ રાજ્યોના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | રાજ્ય | દેશના કુલ દર્દીઓની તુલનાએ ટીબીના દર્દીઓની સંખ્યા (ટકામાં) |
|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 20 |
| 2 | મહારાષ્ટ્ર | 09 |
| 3 | મધ્યપ્રદેશ | 08 |
| 4-5 | રાજસ્થાન, બિહાર | 07 |

## ➤ ભારતમાં ટીબીના દર્દીઓની સારવારમાં ગુજરાત પ્રથમ

ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા તાજેતરમાં વાર્ષિક ટીબી રિપોર્ટ 2020 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર ભારતમાં ટીબી ઉન્મૂલન ક્ષેત્રે સૌથી શ્રેષ્ઠ કામગીરી કરવામાં ભારતના 50 લાખથી વધુ વસતી વાળા રાજ્યોમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.
- જ્યારે ગુજરાત બાદ આંધ્રપ્રદેશ બીજા અને હિમાચલ પ્રદેશ ત્રીજા ક્રમે છે.

### ટીબી ઉન્મૂલન ક્ષેત્રે સૌથી શ્રેષ્ઠ કામગીરી કરનાર ભારના 50 લાખથી વધુ વસતી ધરાવતા રાજ્યો

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | ગુજરાત |
| 2 | આંધ્રપ્રદેશ |
| 3 | હિમાચલ પ્રદેશ |

### 50 લાખથી ઓછી વસતી ધરાવતા રાજ્યો

ભારતના 50 લાખથી ઓછી વસતી વાળા નાના રાજ્યોમાં ત્રિપુરા પ્રથમ અને નાગાલેન્ડ બીજા ક્રમે છે.

### કેન્દ્રશાસિત પ્રદેશો

જ્યારે ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશમાં દાદરા અને નગર હવેલી પ્રથમ તથા દમણ અને દીવ બીજા ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TB

**TBનું પૂરું નામ Tuberculosis છે.**

- **TBને ગુજરાતીમાં ક્ષય રોગ તરીકે પણ ઓળખવામાં આવે છે.**
- **ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી ટીબીનું ઉન્મૂલન કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.**
- **જ્યારે સમગ્ર વિશ્વમાંથી ટીબીના ઉન્મૂલનનું વૈશ્વિક લક્ષ્યાંક વર્ષ 2030 સુધીનું છે.**

**નોંધ :** (1) ભારતમાંથી ટીબીના ઉન્મૂલન માટે તેના વધારેમાં વધારે દર્દીઓની ઓળખ કરીને તેમની સારવાર કરવામાં આવી રહી છે.

(2) આ ઉપરાંત આ માટે ભારતમાં 'રાષ્ટ્રીય ક્ષય રોગ નિયંત્રણ કાર્યક્રમ'નું નામ બદલીને 'રાષ્ટ્રીય ક્ષય રોગ ઉન્મૂલન કાર્યક્રમ' કરવામાં આવ્યું છે.

(3) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ટીબી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### ICE Questions

1. "વિશ્વ ચોકલેટ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 જુલાઈ (B) 6 જુલાઈ (C) 7 જુલાઈ (D) 8 જુલાઈ **(C)**

2. ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલા વાર્ષિક ટીબી રિપોર્ટ 2020 અનુસાર વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં ટીબીના દર્દીઓની સંખ્યામાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 10 ટકા (B) 12 ટકા (C) 14 ટકા (D) 16 ટકા **(C)**

3. ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલા વાર્ષિક ટીબી રિપોર્ટ 2020 અનુસાર વર્ષ 2019માં ભારતમાં ટીબીના કેટલા દર્દીઓ નોંધાયા છે ?
(A) 24.04 લાખ (B) 26.04 લાખ (C) 28.04 લાખ (D) 32.04 લાખ **(A)**

4. ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલા વાર્ષિક ટીબી રિપોર્ટ 2020 અનુસાર વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં ટીબીની સારવારના સફળતા દરમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 10 ટકા (B) 12 ટકા (C) 14 ટકા (D) 16 ટકા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

5. ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલા વાર્ષિક ટીબી રિપોર્ટ 2020 અનુસાર ભારતમાં ટીબીના સૌથી વધુ દર્દીઓ કયા રાજ્યમાં છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મહારાષ્ટ્ર (D) મધ્યપ્રદેશ **(A)**

6. ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલા વાર્ષિક ટીબી રિપોર્ટ 2020 અનુસાર ભારતના માત્ર કેટલા રાજ્યોમાં ટીબીના 50 ટકાથી વધુ દર્દીઓ છે ?
(A) 3 (B) 5 (C) 6 (D) 8 **(B)**

7. ટીબી રિપોર્ટ 2020 અનુસાર ભારતમાં ટીબી ઉન્મૂલન ક્ષેત્રે સૌથી શ્રેષ્ઠ કામગીરી કરવામાં ભારતના 50 લાખથી વધુ વસતી ધરાવતા મોટા રાજ્યોમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
(A) ગુજરાત (B) રાજસ્થાન (C) ઓડિશા (D) પશ્ચિમ બંગાળ **(A)**

8. ટીબી રિપોર્ટ 2020 અનુસાર ભારતમાં ટીબી ઉન્મૂલન ક્ષેત્રે સૌથી શ્રેષ્ઠ કામગીરી કરવામાં ભારતના 50 લાખથી વધુ વસતી ધરાવતા મોટા રાજ્યોમાં ક્રમશઃ કયા ત્રણ રાજ્યો પ્રથમ ક્રમે છે ?
(A) ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ (B) ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ
(C) ગુજરાત, આંધ્રપ્રદેશ, હિમાચલ પ્રદેશ (D) ગુજરાત, આંધ્રપ્રદેશ, હરિયાણા **(C)**

9. ટીબીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. TBનું પૂરું નામ Tuberculosis છે.
2. ભારતમાંથી વર્ષ 2025 સુધીમાં ટીબીના ઉન્મૂલનનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.
3. દર વર્ષે 20 માર્ચ 'વિશ્વ ટીબી દિવસ' તરીકે ઉજવાય છે.
Ans. (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2 (D) ફક્ત 2 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 08 JULY, 2020 WEDNESDAY

### ➤ સમગ્ર ભારતમાં સૌપ્રથમ ગુજરાતના વડોદરા જિલ્લાની શાળાઓમાં 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ પ્રોજેક્ટ'નો પ્રારંભ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વડોદરા જિલ્લાની શાળાઓમાં 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ પ્રોજેક્ટ'નો શુભારંભ કરાવ્યો છે.

- ગુજરાતમાં વરસાદી પાણીના સંગ્રહ માટે વડોદરા જિલ્લાની સરકારી શાળાઓમાં એક અનોખો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો.

- આ અંતર્ગત **સમગ્ર ભારતમાં સૌપ્રથમ વડોદરા જિલ્લા**ની **1000** જેટલી સરકારી **શાળાઓમાં 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ'** ગોઠવવામાં આવી છે.
- જેનાથી દર વર્ષે આશરે 10 કરોડ લિટર જેટલા વરસાદી પાણીનો સંગ્રહ થશે.
- ગુજરાતના વડોદરા જિલ્લાની આ **1000 શાળાઓમાં** રૂ. 6 કરોડના ખર્ચે માત્ર 9 મહિનામાં જ આ પ્રોજેકટ પૂર્ણ કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) આ 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ'ના ઈ લોન્ચિંગ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **ડભોઈ જૂથ પાણી પુરવઠા યોજના ફેઈસ-1** અંતર્ગત રૂ. 124.51 કરોડ રૂપિયાની યોજનાનું લોકાર્પણ તથા આ યોજનાના **ફેઈસ-3**ના કામોનું ખાતમૂહુર્ત કરાવ્યું હતું.

(2) આ ઉપરાંત આ પ્રસંગે તેમણે **'વર્ષા જલનિધિ'** બૂકનું વિમોચન પણ કર્યું હતું.

## ➤ ગુજરાતના ગીર, બરડા અને આલેચના જંગલમાં વસતા લોકોમાંથી અનુસૂચિત જનજાતિના સાચા લાભાર્થીઓ નક્કી કરવા કમિશનની રચના

ગુજરાતમાં **ગીર, બરડા અને આલેચના જંગલો**ના નેસ વિસ્તારમાં વસતા **રબારી, ભરવાડ અને ચારણો**ને ભારત સરકારના **29 ઓકટોબર 1956**ના જાહેરનામામાં **અનુસૂચિત જનજાતિ** તરીકે જાહેર કરવામાં આવ્યા હતાં.

- જોકે, ગુજરાતમાં ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં હાલ વસતા લોકોમાંથી અનુસૂચિત જનજાતિના સાચા લાભાર્થી કોણ એ અંગે લાંબા સમયથી વિવાદ ચાલી રહયો છે.
- આથી, આ વિવાદના ઉકેલ માટે ગુજરાત સરકારે **પાંચ સભ્યોના એક કમિશન**ની રચના કરી છે.
- આ કમિશનના પાંચ સભ્યોમાં :

(1) **હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશ**

(2-3) **જિલ્લા અદાલતના બે નિવૃત્ત ન્યાયાધિશો**

(4) **વન વિભાગના એક નિવૃત્ત અધિકારી અને**

(5) **એક નિવૃત્ત અધિક કલેકટરનો**

સમાવેશ થાય છે.

**નોંધ :** ગુજરાત સરકાર દ્વારા રચાયેલા આ કમિશનની રચનાનો મુખ્ય ઉદ્દેશ '**અનુસૂચિત જનજાતિના** સાચા લાભાર્થીઓના બંધારણીય હક્કોનું રક્ષણ કરવાનો અને ખોટા વ્યકિતઓ તેનો લાભ ના લઈ જાય' તે સુનિશ્ચિત કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## ➢ ગુજરાતના પિરોટન ટાપુને નેચર રિલેટેડ પ્રવૃત્તિ માટેના પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવશે

5 જુલાઈ 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની અધ્યક્ષતામાં ગુજરાતમાં **'આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી'**ની **ત્રીજી બેઠક**નું આયોજન થયું હતું.

- આ બેઠકમાં ગુજરાતના **જામનગર અને દેવભૂમિ દ્વારિકા જિલ્લા**માં આવેલા **પિરોટન ટાપુને નેચર રિલેટેડ પ્રવૃત્તિ માટેના પ્રવાસન કેન્દ્ર** તરીકે વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત આ બેઠકમાં ગુજરાતના શિયાળબેટ અને બેટદ્વારકા ટાપુઓના પ્રવાસન વિકાસની સંભાવના અંગે પણ આ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

### બેટ દ્વારકા આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના

આ બેઠકમાં ગુજરાતમાં પુરાતન સાંસ્કૃતિક વિરાસત ધરાવતી બેટ દ્વારિકાના પ્રવાસન સ્થળ તરીકેના સર્વગ્રાહી અને વૈવિધ્યસભર વિકાસ માટે એક ઓથોરિટીની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- આ ઓથોરિટીને **'બેટ દ્વારકા આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી'** નામ આપવામાં આવ્યું છે.

**નોંધ :** (1) ભારતમાં સૌથી વધુ આશરે **1600 કિમી** લાંબો દરિયા કિનારો ધરાવતા **ગુજરાત**માં **144થી વધુ આયલેન્ડ (સમુદ્રી ટાપુ)** આવેલા છે.

(2) ગુજરાતમાં આવેલા આ ટાપુઓના વિકાસ માટે ગુજરાત સરકારે **ઓગસ્ટ 2019**માં **'આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી'**ની રચના કરી હતી.

(3) ગુજરાતમાં આવેલો **પિરોટન બેટ** એ એક **પરવાળા (Corals)**નો ટાપુ છે.

(4) આ **પિરોટન ટાપુ**નું નામ પ્રાચીન **પિરોટન પાટણ** શહેરના નામ પરથી પડ્યું છે. જે સંભવતઃ હાલના **બેડી બંદર**ના સ્થળે આવેલું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે 'કૃષિ વૈવિધ્યકરણ યોજના'નું ઈ લોન્ચિંગ

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના **ગાંધીનગર** ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી **'કૃષિ વૈવિધ્યકરણ યોજના'**નો શુભારંભ કરાવ્યો છે.

- આ યોજના અંતર્ગત ગુજરાતના **વનબંધુ કિસાનો**ને **રૂ. 35 કરોડ**ના ખર્ચે **ખાતર-બિયારણ કિટ**નું વિતરણ કરવામાં આવ્યું છે.
- આ યોજનાથી ગુજરાતના **અંબાજીથી ઉમરગામ** વિસ્તારના **14 આદિજાતિ જિલ્લા**ના **53 તાલુકાઓ**ના 76 હજારથી વધુ **વનબંધુ કિસાનો**ને લાભ થશે.

## કૃષિ વૈવિધ્યકરણ યોજના

ગુજરાત સરકારના **આદિજાતિ વિભાગ** દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી છે.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના **નાના અને સીમાંત આદિજાતિ કિસાનો**ને આત્મનિર્ભર બનાવવાનો છે.
- આ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને નીચે પ્રમાણેનો લાભ આપવામાં આવે છે :

(1) **1 એકર જમીન માટે સુધારેલ જાતના શાકભાજીનું બિયારણ**
**અથવા તો**
**મકાઈના પાક માટેનું બિયારણ**

(2) **ખાતરની કિટ, જેમાં**
(i) **યુરિયા 45 kg**
(ii) **NPK 50 kg અને**
(iii) **એમોનિયમ સલ્ફેટ 50 kg**

**નોંધ :** ગુજરાતમાં આદિજાતિ ખેડૂતો માત્ર પરંપરાગત ખેતી પદ્ધતિ ઉપર જ નિર્ભર ન રહે અને **શાકભાજી તથા મકાઈ**ની આધુનિક ખેતી તરફ વળે તે માટે શરૂ થયેલી આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં આશરે 5 લાખથી વધુ આદિજાતિ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. જુલાઈ 2020 દરમિયાન ભારતમાં સૌપ્રથમ કયા રાજ્યની સરકારી શાળાઓમાં વરસાદી પાણીના સંગ્રહ માટે 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ'નો પ્રારંભ થયો છે ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) કેરળ (D) પંજાબ **(A)**

2. જુલાઈ 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર ભારતમાં સૌપ્રથમ ગુજરાતના કયા જિલ્લાની સરકારી શાળાઓમાં 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ'નો શુભારંભ કરાવ્યો છે ?
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) વડોદરા (D) સુરત **(C)**

3. જુલાઈ 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર ભારતમાં સૌપ્રથમ ગુજરાતના વડોદરા જિલ્લાની કેટલી સરકારી શાળાઓમાં 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ'નો શુભારંભ કરાવ્યો છે ?
(A) 500 (B) 1000 (C) 1200 (D) 1500 **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

4. જુલાઈ 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વરસાદી પાણીના સંગ્રહ માટે સમગ્ર ભારતમાં સૌપ્રથમ વડોદરા જિલ્લાની સરકારી શાળાઓમાં કયા પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો હતો ?
(A) રેઈન વોટર રિયુઝ પ્રોજેક્ટ (B) રેઈન વોટર ટ્રીટમેન્ટ પ્રોજેક્ટ
(C) રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ (D) રેઈન વોટર પ્રોસેસિંગ પ્રોજેક્ટ **(C)**

5. ગુજરાતમાં કયા જંગલના નેસ વિસ્તારોમાં વસતા લોકોમાંથી અનુસૂચિત જનજાતિના સાચા લાભાર્થીઓ નક્કી કરવા ગુજરાત સરકારે એક કમિશનની રચના કરી છે ?
(A) ગીર (B) બરડા (C) આલેચ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

6. ગુજરાતના ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં વસતા લોકોમાંથી અનુસૂચિત જનજાતિના સાચા લાભાર્થીઓ નક્કી કરવા ગુજરાત સરકારે કેટલા સભ્યોના એક કમિશનની રચના કરી છે ?
(A) ત્રણ (B) પાંચ
(C) સાત (D) આવા કોઈ કમિશનની રચના કરી નથી **(B)**

7. ગુજરાતના ગીર, બરડા અને આલેચના જંગલોમાં વસતા લોકોમાંથી કઈ જાતિના સાચા લાભાર્થીઓ નક્કી કરવા ગુજરાત સરકારે એક કમિશનની રચના કરી છે ?
(A) અનુસૂચિત જાતિ (B) અનુસૂચિત જનજાતિ
(C) A અને B બંને (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

8. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી 'આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી'ની ત્રીજી બેઠકમાં ગુજરાતના કયા ટાપુને નેચર રિલેટેડ એક્ટિવિટીઝ માટેના પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
(A) પિરોટન ટાપુ (B) શિયાળ બેટ (C) બેટ દ્વારકા (D) પિરામલ બેટ **(A)**

9. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી 'આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી'ની ત્રીજી બેઠકમાં ગુજરાતના બેટ દ્વારિકાનો એક પ્રવાસન સ્થળ તરીકે સર્વગ્રાહી અને વૈવિધ્યસભર વિકાસ કરવા માટે કઈ ઓથોરિટીની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
(A) બેટ દ્વારકા પ્રવાસન ડેવલપમેન્ટ ઓથોરિટી
(B) બેટ દ્વારકા આયલેન્ડ ઓથોરિટી
(C) બેટ દ્વારકા આયલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી
(D) પ્રવાસન સ્થળ બેટ દ્વારકા આયલેન્ડ ઓથોરિટી **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. પિરોટન ટાપુના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. તે ગુજરાતના જામનગર અને દેવભૂમિ દ્વારિકા જિલ્લામાં આવેલો છે.

2. તે પરવાળાનો ટાપુ છે.

3. આ ટાપુનું નામ 'પિરોટન' પ્રાચીન પિરોટન પાટણ શહેરના નામ પરથી પડ્યું છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) ફક્ત 2 **(A)**

11. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ યોજના અંતર્ગત ગુજરાતના વનબંધુ કિસાનોને રૂ. 35 કરોડના ખર્ચે ખાતર–બિયારણ કિટના વિતરણનું ઈ લોન્ચિંગ કર્યું છે ?

(A) મુખ્યમંત્રી કૃષિ બિયારણ યોજના (B) કૃષક સમૃદ્ધિ યોજના

(C) મુખ્યમંત્રી કૃષિ બિયારણ–ખાતર યોજના (D) કૃષિ વૈવિધ્યકરણ યોજના **(D)**

12. 'કૃષિ વૈવિધ્યકરણ યોજના' અંતર્ગત ગુજરાતના આદિજાતિ કિસાનોને 1 એકર જમીન માટે સુધારેલી જાતનું કયા પાકનું બિયારણ આપવામાં આવે છે ?

(A) શાકભાજી અથવા મગફળી (B) શાકભાજી અથવા ડાંગર

(C) શાકભાજી અથવા કપાસ (D) શાકભાજી અથવા મકાઈ **(D)**

13. 'કૃષિ વૈવિધ્યકરણ યોજના' અંતર્ગત ગુજરાતના આદિજાતિ કિસાનોને 'બિયારણ અને ખાતર'ની કિટમાં કયું/કેટલું ખાતર આપવામાં આવે છે ?

(A) યુરિયા 45 kg (B) NPK 50 kg

(C) એમોનિયમ સલ્ફેટ 50 kg (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

14. ગુજરાતના કયા કિસાનો માટે ગુજરાત સરકાર દ્વારા 'કૃષિ વૈવિધ્યકરણ યોજના' શરૂ કરવામાં આવી છે ?

(A) નાના અને સીમાંત ગરીબ કિસાનો

(B) નાના અને સીમાંત અંતરિયાળ કિસાનો

(C) નાના અને સીમાંત આદિજાતિ કિસાનો


(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

icerajkot

# CURRENT AFFAIRS

Click to Play




Continue...

YouTube

SUBSCRIBE

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**09 JULY, 2020 THURSDAY**

## ➤ ગુજરાતના અમદાવાદમાં 'કોરોના ઘર સેવાઃ સંજીવની વાન સેવા' શરૂ કરવાનો નિર્ણય

ગુજરાતમાં **'અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન' (AMC)** દ્વારા **અમદાવાદ**માં **'કોરોના ઘર સેવાઃ સંજીવની વાન સેવા'** શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ **અમદાવાદ**માં હોમ આઈસોલેશનમાં રહેતા દર્દીઓને ઘેર બેઠા જ કોરોનાની પર્યાપ્ત સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ અંતર્ગત અમદાવાદમાં નર્સિંગ અને પેરા મેડિકલની **75 ટીમો** બનાવવામાં આવશે.
- આ ટીમો ઘરે ઘરે જઈને હોમ આઈસોલેશનમાં રહેતા દર્દીઓને સારવાર આપશે.

**નોંધ :** (1) અમદાવાદમાં **દરેક અર્બન હેલ્થ સેન્ટર** દીઠ પેરા મેડિકલ સ્ટાફની **એક ટીમ** તૈયાર કરવામાં આવશે.

(2) આ ટીમ અર્બન હેલ્થ સેન્ટરના ક્ષેત્રમાં હોમ આઈસોલેશનમાં રહેતા દર્દીઓની દરરોજ મુલાકાત લઈ તેમની તપાસ અને સારવાર કરશે.

## ➤ હિમાચલ પ્રદેશ રાજ્યના દરેક ઘરોમાં LPG ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવનારું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

હિમાચલના મુખ્યમંત્રી **શ્રી જયરામ ઠાકુર**ના જણાવ્યા અનુસાર **હિમાચલ પ્રદેશ**ના દરેક ઘરોમાં ગૃહિણીને રસોઈ માટે LPG ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

- અને આ સાથે જ રાજ્યના દરેક ઘરોમાં LPG ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવનાર **હિમાચલ પ્રદેશ** ભારતનું **પ્રથમ રાજ્ય** બની ગયું છે.
- હિમાચલ પ્રદેશમાં **'હિમાચલ ગૃહિણી સુવિધા યોજના'** અંતર્ગત રાજ્યના ગરીબ પરિવારોને આ ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.
- આ યોજના અંતર્ગત હિમાચલ પ્રદેશમાં 2,76,243 પરિવારોને મફત ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે.

**નોંધ :** LPGનું પૂરું નામ Liquefied Petroleum Gas છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ શોલેમાં સુરમા ભોપાલીનું પાત્ર ભજવનાર પ્રસિદ્ધ કોમેડિયન શ્રી જગદીપનું નિધન



ભારતમાં હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ કોમેડિયન **શ્રી જગદીપનું** 8 જુલાઈ 2020ના રોજ **મુંબઈ** ખાતે 81 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 29 માર્ચ 1939ના રોજ **મધ્યપ્રદેશ**ના **દતિયા** ખાતે થયો હતો.
- લોકોમાં **'જગદીપ'** તરીકે પ્રસિદ્ધ કોમેડિયન શ્રી જગદીપનું અસલી નામ **શ્રી સૈયદ ઈશ્તિયાક અહમદ જાફરી** હતું.
- તેમણે આશરે 400 જેટલી ફિલ્મોમાં કામ કર્યું હતું.
- તેઓએ શોલેમાં સુરમા ભોપાલી, પુરાના મંદિરમાં મચ્છરના પાત્ર માટે તથા ફિલ્મ અંદાજ અપના અપનામાં શ્રી સલમાન ખાનના પિતા તરીકે દર્શકોનું ખૂબ મનોરંજન કર્યું હતું.
- તેમણે **'સુરમા ભોપાલી'** નામની એક ફિલ્મનું નિર્દેશન પણ કર્યું હતું.

**નોંધ :** શ્રી જગદીપે 1951માં પ્રસિદ્ધ થયેલી શ્રી બી. આર. ચોપરાની ફિલ્મ **'અફસાના'**થી બાળ કલાકાર તરીકે પોતાની બોલિવૂડ કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.

## ➤ JLL'S 'Global Real Estate Transparency Index 2020'માં ભારત 34મા ક્રમે

ગ્લોબલ પ્રોપર્ટી સલાહકાર કંપની **JLL** અથવા તો **Jones Lang LaSalle's** દ્વારા તાજેતરમાં દર **બે વર્ષે** પ્રસિદ્ધ થતો **'Global Real Estate Transparency Index 2020'** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ **99** દેશોમાં **ભારત 34મા** ક્રમે છે.
- આ અગાઉ વર્ષ **2018**માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત **35મા** ક્રમે હતો.
- આથી, વર્ષ **2018**ની તુલનાએ વર્ષ **2020**ના આ ઈન્ડેક્સમાં ભારતના રેન્કમાં **1 ક્રમનો સુધારો** થયો છે.
- વર્ષ 2018 અગાઉ વર્ષ **2016**માં આ ઈન્ડેક્સમાં **ભારત 36મા** અને વર્ષ **2014**માં **39મા** ક્રમે હતો.
- વર્ષ **2020**માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં **બ્રિટન પ્રથમ** ક્રમે છે.
- બ્રિટન બાદ **અમેરિકા બીજા** અને **ઓસ્ટ્રેલિયા ત્રીજા** ક્રમે છે.
- જ્યારે **લિબિયા** આ ઈન્ડેક્સમાં **અંતિમ 99મા** ક્રમે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Global Real Estate Transparency Index 2020 Rankings

| Rank | Country |
|---|---|
| 1 | બ્રિટન |
| 2 | અમેરિકા |
| 3 | ઓસ્ટ્રેલિયા |
| 32 | ચીન |
| 34 | ભારત |
| 65 | શ્રીલંકા |
| 72 | મ્યાનમાર |
| 75 | પાકિસ્તાન |
| 99 | લિબિયા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ ઈન્ડેકસમાં વિશ્વના વિવિધ દેશોને રેન્કિંગના આધારે પાંચ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે :

(1) Highly Transparent (1થી 10 Rank)
(2) Transparent (11થી 33 Rank)
(3) Semi- Transparent (34થી 59 Rank)
(4) Low Transparency (60થી 80 Rank)
(5) Opaque (81થી 99 Rank)

જેમાંથી ભારતનો સમાવેશ **'Semi - Transparent'** કેટેગરીમાં થયો છે.

## ICE Questions

1. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'કોરોના ઘર સેવા : સંજીવની વાન સેવા' શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
(A) દિલ્હી (B) મહારાષ્ટ્ર (C) ગુજરાત (D) બિહાર **(C)**

2. હોમ આઈસોલેશનમાં રહેતા કોરોના દર્દીઓને ઘેર બેઠા જ સારવાર આપવા ગુજરાતના કયા શહેરમાં 'કોરોના ઘર સેવા : સંજીવની વાન સેવા' શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
(A) અમદાવાદ (B) સુરત (C) વડોદરા (D) રાજકોટ **(A)**

3. રાજ્યના દરેક ઘરોમાં LPG ગેસ કનેકશન ઉપલબ્ધ કરાવનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?

(A) હરિયાણા (B) હિમાચલ પ્રદેશ (C) કેરળ (D) તેલંગાણા **(B)**

4. શોલે ફિલ્મમાં સુરમા ભોપાલીનું પાત્ર ભજવનાર હિન્દી ફિલ્મના પ્રસિદ્ધ કોમેડિયન શ્રી જગદીપનું નિધન થયું છે...તેમનું અસલી નામ શું હતું ?

(A) શ્રી સૈયદ ઈશ્તિયાક અહમદ જાફરી (B) શ્રી સૈયદ બિસ્મિલ્લાહ અહમદ જાફરી

(C) શ્રી સૈયદ રસૂલ અહમદ જાફરી (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

5. હિન્દી ફિલ્મના પ્રસિદ્ધ કોમેડિયન શ્રી જગદીપનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ?

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) બિહાર **(B)**

6. JLL દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ રિયલ એસ્ટેટ ટ્રાન્સપરન્સી ઈન્ડેકસ 2020'માં ભારત કયા ક્રમે છે ?

(A) 33 (B) 34 (C) 35 (D) 36 **(B)**

7. JLL દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ રિયલ એસ્ટેટ ટ્રાન્સપરન્સી ઈન્ડેકસ 2020'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) ઓસ્ટ્રેલિયા (D) બ્રિટન **(D)**

8. JLL દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ રિયલ એસ્ટેટ ટ્રાન્સપરન્સી ઈન્ડેકસ 2020'માં અંતિમ 99મા ક્રમે કયો દેશ છે ?

(A) લિથુઆનિયા (B) ઈથિયોપિયા (C) લિબિયા (D) ઘાના **(C)**

9. JLL દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ રિયલ એસ્ટેટ ટ્રાન્સપરન્સી ઈન્ડેકસ 2020'માં ભારતનો સમાવેશ કઈ કેટેગરીમાં થયો છે ?

(A) હાઈલી ટ્રાન્સપરન્ટ (B) ટ્રાન્સપરન્ટ


(C) સેમી ટ્રાન્સપરન્ટ (D) લો ટ્રાન્સપરન્સી **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**10 JULY, 2020 FRIDAY**

## ➤ ગુજરાતની દ્વારકા, ગોપનાથ અને વેરાવળ સહિત ભારતની 194 જેટલી દીવાદાંડીને પર્યટન સ્થળ તરીકે વિકસાવાશે

કેન્દ્રીય રાજ્ય શિપિંગ મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ આપેલી માહિતી અનુસાર ભારતમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી 194 જેટલી દીવાદાંડીને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની કેન્દ્ર સરકાર દ્વારા એક યોજના હાથ ધરવામાં આવી છે.



- આ યોજના અંતર્ગત ભારતમાં લગભગ 100 વર્ષ કરતાં વધુ જૂનો ઈતિહાસ ધરાવતી દીવાદાંડીઓની અલગ ઓળખ કરીને તેને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ગુજરાતની ત્રણ દીવાદાંડીઓનો સમાવેશ થશે.
- આ ત્રણ દીવાદાંડીઓમાં –

  (1) **દ્વારકા**

  (2) **ગોપનાથ અને**

  (3) **વેરાવળની**

  દીવાદાંડીઓનો સમાવેશ થાય છે.

**નોંધ :** સરકારની આ યોજનાને કારણે દીવાદાંડી અને તેના આસપાસના વિસ્તારોમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળશે અને દીવાદાંડીના સમૃદ્ધ ઈતિહાસની જાણકારી મેળવવાની લોકોને તક મળશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે હાથ ધરાયેલા 'ઓપરેશન સમુદ્ર સેતુ'નું સમાપન

કોરોના લોકડાઉન અથવા તો COVID-19 મહામારીને કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે ભારતીય નેવી દ્વારા **'ઓપરેશન સમુદ્ર સેતુ'** નામનું એક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

- ભારતમાં 5 મે, 2020ના રોજ શરૂ થયેલા આ અભિયાનનું લગભગ 55 દિવસ બાદ સમાપન કરવામાં આવ્યું છે.
- આ અભિયાન અંતર્ગત કુલ 3992 ભારતીય નાગરિકોને વિદેશમાંથી ભારત પરત લાવવામાં આવ્યા છે.

- આ અભિયાન માટે ભારતીય નેવી દ્વારા નીચેના જહાજોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો :
  - (1) **INS જલાશ્વ**
  - (2) **INS ઐરાવત**
  - (3) **INS શાર્દૂલ અને**
  - (4) **INS મગર**

**નોંધ :** (1) ભારતીય નૌસેના દ્વારા આ અગાઉ પણ આ પ્રકારના **'ઓપરેશન સુકૂન'** (બૈરુત 2006) અને **'ઓપરેશન રાહત'** (યમન 2015) જેવા અભિયાનો હાથ ધરવામાં આવ્યા હતા.

(2) **'ઓપરેશન સમુદ્ર સેતુ'** અંતર્ગત ઉપરોક્ત ચાર જહાજો દ્વારા **માલદીવ**ના **'માલે'**, **શ્રીલંકા**ના **'કોલંબો'** અને **ઈરાન**ના **'બંદર અબ્બાસ'** બંદરેથી ભારતીય નાગરિકોને ભારત પરત લાવવામાં આવ્યા હતા.

## મિશન સાગર

**'ઓપરેશન સમુદ્ર સેતુ'** ઉપરાંત **COVID-19** મહામારી દરમિયાન ભારતીય નૌસેના દ્વારા **'મિશન સાગર'** નામથી પણ એક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

- **'મિશન સાગર'** અભિયાન અંતર્ગત **'INS કેસરી'** નામના જહાજની મદદથી ભારતીય નૌસેના દ્વારા ભારતના પાડોશી દેશોમાં **આયુર્વેદિક દવાઓ** તેમજ **અન્ય મેડિકલ સામગ્રી** સહિત **580 ટન ખાદ્ય સામગ્રી** પહોંચાડવામાં આવી હતી.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ દેશોમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે :
  - (1) **માલદીવ**
  - (2) **મોરેશિયસ**
  - (3) **મેડાગાસ્કર**
  - (4) **સેશેલ્સ અને**
  - (5) **કોમોરોસ આઈલેન્ડ**

**નોંધ :** **'મિશન સાગર'** અભિયાન અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા **મોરેશિયસ** અને **કોમોરોસ**માં એક–એક **મેડિકલ ટીમ** પણ તૈનાત કરવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ 'India Global Week 2020'ના ઉદ્દઘાટન સમારોહને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન




9 થી 11 જુલાઈ 2020 દરમિયાન ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલા મીડિયા હાઉસ India Inc. દ્વારા 'India Global Week 2020' નામથી એક વર્ચ્યુઅલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ કોન્ફરન્સના ઉદ્દઘાટન સમારોહમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું.
- આ વૈશ્વિક સંમેલનમાં આશરે 30થી વધુ દેશોના 5000 જેટલા લોકોએ ભાગ લીધો હતો.
- જેમાં 75 સત્રોમાં 250 જેટલા વક્તાઓએ સંબોધન કર્યું હતું.
- આ વક્તાઓમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત શ્રી એસ. જયશંકર, શ્રી પિયૂષ ગોયલ, શ્રી શ્રી રવિશંકર વગેરે મહાનુભાવોનો સમાવેશ થાય છે.

### આ કોન્ફરન્સની થીમ

આ ત્રિદિવસીય કોન્ફરન્સની થીમ 'Be The Revival : India and a Better New World' હતી.

**નોંધ :** (1) આ કોન્ફરન્સમાં ભારતના પ્રસિદ્ધ મહિલા નૃત્યકાર સુશ્રી મધુ નટરાજ દ્વારા 'આત્મનિર્ભર ભારત' અંગે એક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

(2) આ ઉપરાંત આ કોન્ફરન્સમાં ભારતના પ્રસિદ્ધ સિતાર વાદક શ્રી પંડિત રવિ શંકરના 100મા જન્મદિવસ પર તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમના ત્રણ શિષ્યોએ સંગીતનો એક કાર્યક્રમ પણ રજૂ કર્યો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. ભારતમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી 194 જેટલી દીવાદાંડીને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની કેન્દ્ર સરકારે યોજના બનાવી છે...આ યોજના અંતર્ગત ગુજરાતની કઈ ત્રણ દીવાદાંડીઓનો સમાવેશ થયો છે ?
   (A) લોથલ, દ્વારકા, ગોપનાથ (B) લોથલ, ગોપનાથ, વેરાવળ
   (C) લોથલ, દ્વારકા, વેરાવળ (D) દ્વારકા, ગોપનાથ, વેરાવળ **(D)**

2. ભારતમાં કેટલા વર્ષ કરતા વધુ જૂની દીવાદાંડીઓને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે ?
   (A) 40 (B) 50 (C) 80 (D) 100 **(D)**

3. COVID-19 મહામારી દરમિયાન વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે ભારતની નૌસેના દ્વારા કયું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?

(A) ઓપરેશન COVID-19 (B) ઓપરેશન સમુદ્ર સેતુ

(C) ઓપરેશન વંદે ભારત (D) ઓપરેશન વંદે માતરમ્ **(B)**

4. 'ઓપરેશન સમુદ્ર સેતુ' અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા કુલ કેટલા ભારતીય નાગરિકોને ભારત પરત લાવવામાં આવ્યા છે ?

(A) 1992 (B) 2992 (C) 3992 (D) 4992 **(C)**

5. 'ઓપરેશન સમુદ્ર સેતુ' અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા કયા જહાજની મદદથી 3992 ભારતીય નાગરિકોને ભારત પરત લાવવામાં આવ્યા હતા ?

(A) INS જલાશ્વ (B) INS જલાશ્વ અને INS ઐરાવત

(C) INS શાર્દૂલ અને INS મગર (D) ઉપરોક્ત તમામ **(D)**

6. 'ઓપરેશન સમુદ્ર સેતુ' અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા કયા દેશમાંથી 3992 ભારતીય નાગરિકોને ભારત પરત લાવવામાં આવ્યા હતા ?

(A) માલદીવ (B) શ્રીલંકા

(C) ઈરાન (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

7. 'ઓપરેશન સમુદ્ર સેતુ' અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા કયા બંદર પરથી 3992 ભારતીય નાગરિકોને ભારત પરત લાવવામાં આવ્યા હતા ?

(A) માલે (B) કોલંબો

(C) બંદર અબ્બાસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

8. COVID-19 મહામારી દરમિયાન ભારતના પાડોશી દેશોમાં આયુર્વેદિક દવાઓ તથા અન્ય મેડિકલ સામગ્રી સહિત ખાદ્ય સામગ્રી પહોંચાડવા ભારતીય નૌસેના દ્વારા કયું મિશન અથવા તો અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?

(A) મિશન સમુદ્ર (B) મિશન સાગર

(C) મિશન વંદે ભારત (D) મિશન વંદે માતરમ્ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. COVID-19 મહામારી દરમિયાન 'મિશન સાગર' અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા ભારતના કયા પાડોશી દેશોમાં આયુર્વેદિક દવાઓ તથા અન્ય મેડિકલ સામગ્રી સહિત ખાદ્ય સામગ્રી પહોંચાડવામાં આવી હતી ?
(A) માલદીવ, મોરેશિયસ, શ્રીલંકા, મેડાગાસ્કર, કોમોરોસ
(B) માલદીવ, મોરેશિયસ, શ્રીલંકા, સેશેલ્સ, કોમોરોસ
(C) માલદીવ, મોરેશિયસ, શ્રીલંકા, સેશેલ્સ, મેડાગાસ્કર
(D) માલદીવ, મોરેશિયસ, કોમોરોસ, સેશેલ્સ, મેડાગાસ્કર **(D)**


10. COVID-19 મહામારી દરમિયાન 'મિશન સાગર' અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા કયા જહાજની મદદથી ભારતના પાડોશી દેશોમાં આયુર્વેદિક દવાઓ તથા અન્ય મેડિકલ સામગ્રી સહિત ખાદ્ય સામગ્રી પહોંચાડવામાં આવી હતી ?
(A) INS મગર (B) INS જલાશ્વર (C) INS મલય (D) INS કેસરી **(D)**

11. 9 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'India Global Week 2020'ના ઉદ્દઘાટન સમારોહને સંબોધન કર્યું હતું.આ કોન્ફરન્સની થીમ શું હતી ?
(A) Be The Revival : India and a Better New World
(B) Be The Revival : India and a Better New Glob
(C) Be The Revival : India and a Better New Earth
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

12. 'India Global Week 2020'માં ભારતના કયા મહાનુભાવના 100મા જન્મદિવસ પર તેમને શ્રદ્ધાંજલિ આપવા વિશેષ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો ?
(A) શ્રી પી. વી. નરસિંહ રાવ (B) શ્રી રવીન્દ્રનાથ ટાગોર
(C) મહર્ષિ અરવિંદ (D) શ્રી પંડિત રવિ શંકર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી
દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે
ICE DAILY doseના Questions
ડાઉનલોડ કરવા અહીં ક્લિક કરો



**11 JULY, 2020 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 11 જુલાઈ, વિશ્વ વસતી દિવસ (World Population Day)




સમગ્ર વિશ્વમાં વધતી જતી વસતી અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 11 જુલાઈના રોજ ‘વિશ્વ વસતી દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે.

- 11 જુલાઈ, 1987ના રોજ વિશ્વની વસતી 5 બિલિયન (5 અબજ) ને પાર થઈ ગઈ હતી.
- આથી, આ દિવસને ધ્યાનમાં રાખીને દર વર્ષે 11 જુલાઈના રોજ ‘વિશ્વ વસતી દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે.
- એ સમયે ડો. કે. સી. ઝાચારિયાહ દ્વારા આ દિવસની ઉજવણીનું સૂચન કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 11 જુલાઈ 1989ના રોજ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમની તત્કાલીન ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.
- ત્યારથી દર વર્ષે 11 જુલાઈના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2020ની ‘વિશ્વ વસતી દિવસ’ની થીમ 'Putting the brakes on COVID-19 : how to safeguard the health and rights of women and girls now' છે.
- આમ, વર્ષ 2020ની આ થીમમાં મહિલાઓ પર ફોકસ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મધ્યપ્રદેશના સોલાર પ્રોજેક્ટ ‘રીવા અલ્ટ્રા મેગા સૌર યોજના’નું લોકાર્પણ

10 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સની મદદથી ‘રીવા અલ્ટ્રા મેગા સૌર યોજના’નું લોકાર્પણ કર્યું છે.

- ભારતમાં મધ્યપ્રદેશના રીવા જિલ્લાના ગૂઢ નામના ગામ પાસે આ સોલાર પાર્કની સ્થાપના કરવામાં આવી છે.
- મધ્યપ્રદેશમાં 1500 હેક્ટર વિસ્તારના સૌર પાર્કમાં 750 મેગાવોટના આ સોલાર પ્રોજેક્ટની સ્થાપના કરવામાં આવી છે.

## આ સૌર યોજનાની વિશેષતા

આ સૌર યોજનાથી દર વર્ષે **15.7 લાખ ટન** કાર્બન ($CO_2$) ઉત્સર્જન રોકી શકાશે.

- જે 2 કરોડ 60 લાખ વૃક્ષ વાવવા બરાબર છે.
- આ સૌર યોજના **વર્લ્ડ બેન્ક અને ક્લીન ટેક્નોલોજી ફંડ** પાસેથી નાણાં મેળવનારી પ્રથમ સૌર યોજના છે.
- આ યોજનાને વર્લ્ડ બેન્કનો **'World Bank Group President's Award'** પણ પ્રાપ્ત થયો છે.
- આ ઉપરાંત વડાપ્રધાનશ્રીની **'A Book of Innovation : New Beginnings'** બુકમાં પણ તેનો સમાવેશ થયો છે.
- કુલ **રૂ. 4305 કરોડ**ના ખર્ચે **750 મેગાવોટ**ના આ સોલાર પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- જેમાંથી કેન્દ્ર સરકાર દ્વારા પણ **રૂ. 138 કરોડ**ની નાણાકીય સહાય કરવામાં આવી છે.
- આ સૌર યોજના એ ભારતની **પ્રથમ** એવી અક્ષય ઊર્જા યોજના છે કે જેમાં રાજ્યની બહાર **બીજા રાજ્યના** સંસ્થાકીય ગ્રાહકને વીજળી પહોંચાડવામાં આવી હોય.
- આ યોજના અંતર્ગત ઉત્પન્ન થતી કુલ વીજળીમાંથી **40 ટકા** વીજળી મધ્યપ્રદેશ બહાર **દિલ્હી મેટ્રો**ને આપવામાં આવશે.
- જ્યારે બાકીની **76 ટકા** વીજળી **મધ્યપ્રદેશ**ની વીજ વિતરણ કંપનીઓને ફાળવવામાં આવશે.

## આ સોલાર પાર્કનું નિર્માણ

મધ્યપ્રદેશમાં **Rewa Ultra Mega Solar Limited (RUMSL)** નામની કંપની દ્વારા આ સોલાર પાર્ક વિકસાવવામાં આવ્યો છે.

- રીવા અલ્ટ્રા મેગા સોલાર લિમિટેડ એ **મધ્યપ્રદેશ ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (MPUVN)** અને **'સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા' (SECI)**ની જોઈન્ટ વેન્ચર (સંયુકત સાહસ) કંપની છે.

**નોંધ :** મધ્યપ્રદેશમાં સ્થપાયેલા 750 મેગાવોટના આ પ્રોજેક્ટને મધ્યપ્રદેશ સરકારે એશિયાનો સૌથી મોટો સોલાર પ્રોજેક્ટ હોવાનો દાવો કર્યો છે. જોકે, ગુજરાતમાં **પાટણ** જિલ્લાના **ચારણકા**માં અને **બનાસકાંઠા** જિલ્લાના **રાધાનેસડા**માં 750-750 મેગાવોટના સોલાર પ્રોજેક્ટ આ અગાઉથી જ કાર્યરત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. 'વિશ્વ વસતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 જુલાઈ (B) 11 જુલાઈ

(C) 12 જુલાઈ (D) 13 જુલાઈ **(B)**

2. 'વિશ્વ વસતી દિન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. 11 જુલાઈ 1987ના રોજ વિશ્વની વસતી 5 અબજને પાર થઈ ગઈ હતી.
2. યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામની ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા 11 જુલાઈ 1987થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
3. વર્ષ 2020ની 'વિશ્વ વસતી દિવસ'ની થીમમાં મહિલાઓ પર ફોકસ કરવામાં આવ્યું છે.

Ans. (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(A)**

3. 10 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રીવા સોલાર પ્રોજેકટ' અથવા તો 'રીવા અલ્ટ્રા મેગા સૌર યોજના'નું લોકાર્પણ કર્યું છે...આ સોલાર પ્રોજેકટ ભારતના કયા રાજ્યમાં આવેલો છે ?

(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) બિહાર (D) મધ્યપ્રદેશ **(D)**

4. 10 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રીવા સોલાર પ્રોજેકટ' અથવા તો 'રીવા અલ્ટ્રા મેગા સૌર યોજના'નું લોકાર્પણ કર્યું છે ...આ સોલાર પ્રોજેકટ મધ્યપ્રદેશમાં કયાં આવેલો છે ?

(A) ગૂઢ, જિ. રીવા (B) ગૂઢ, જિ. બેતુલ

(C) ગૂઢ, જિ. સતના (D) ગૂઢ, જિ. ધાર **(A)**

5. 10 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રીવા સોલાર પ્રોજેકટ' અથવા તો 'રીવા અલ્ટ્રા મેગા સૌર યોજના'નું લોકાર્પણ કર્યું છે...આ સોલાર પ્રોજેકટ કેટલા મેગાવોટનો છે ?

(A) 500 (B) 750 (C) 850 (D) 1250 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ સુરતની સ્ટેમસેલ અને કિડની હોસ્પિટલોને રૂ. 100 કરોડના ખર્ચે કોવિડ કેરમાં ફેરવવામાં આવશે

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ કરેલી જાહેરાત અનુસાર **સુરત**ની **સિવિલ હોસ્પિટલ** કેમ્પસમાં આવેલી **સ્ટેમસેલ અને કિડની હોસ્પિટલો**ને **રૂ. 100 કરોડ**ના ખર્ચે **કોવિડ કેર**માં ફેરવવામાં આવશે. સુરતમાં કોરોના સંક્રમણના વધતા કેસોને કારણે સરકારે આ નિર્ણય કર્યો છે. આ અંતર્ગત COVID-19ની સારવાર માટે કુલ 1800 બેડની સુવિધા ઉપલબ્ધ થશે.

## ભારત

### ➤ મહારાષ્ટ્ર સરકાર દ્વારા 'વિશ્વના સૌથી મોટા પ્લાઝમા ટ્રાયલ-કમ-ટ્રીટમેન્ટ પ્રોજેક્ટ'નો પ્રારંભ

ભારતમાં **મહારાષ્ટ્ર સરકાર** દ્વારા COVID-19ના દર્દીઓની સારવાર માટે **પ્લાઝમા થેરાપી પ્રોગ્રામ**નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ **વિશ્વનો સૌથી મોટો પ્લાઝમા ટ્રાયલ-કમ- ટ્રીટમેન્ટ પ્રોજેક્ટ** છે. મહારાષ્ટ્રમાં **'પ્રોજેક્ટ પ્લેટિના'** અંતર્ગત આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

### ➤ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ સુશ્રી આનંદીબેન પટેલને મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપાયો

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **ઉત્તરપ્રદેશ**ના મહિલા રાજ્યપાલ **સુશ્રી આનંદીબેન પટેલ**ને **મધ્યપ્રદેશ**ના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. મધ્યપ્રદેશના વર્તમાન રાજ્યપાલ **શ્રી લાલજી ટંડન**ની નાજુક તબિયતને કારણે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ શ્રી સુમિત નાગલ કોરોના મહામારી દરમિયાન ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટ જીતનાર ભારતના પ્રથમ ખેલાડી બન્યા

ભારતના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી શ્રી સુમિત નાગલે જર્મનીમાં યોજાયેલી PSD બેન્ક નાર્ડ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ જીતી લીધી છે. આ સાથે જ શ્રી સુમિત નાગલ COVID-19 મહામારી દરમિયાન કોઈ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ જીતનાર ભારતના પ્રથમ ખેલાડી બની ગયા છે. શ્રી સુમિત નાગલ હરિયાણાના ટેનિસ ખેલાડી છે.

## ➤ ચીન-ભારત સંઘર્ષ વચ્ચે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લેહ-લદાખની મુલાકાત

3 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં લદાખના લેહ જિલ્લાના લેહ તાલુકાના નિમૂ ખાતે ભારતીય સેનાના જવાનો સાથે મુલાકાત કરી હતી. લદાખમાં આવેલું નિમૂ સિંધુ નદીના કિનારે આવેલું એક એવું ગામ છે કે જે ઝાસ્કરની પહાડીઓથી ઘેરાયેલું છે. આ ગામ પાસે ઝાસ્કર નદીનો સિંધુ નદીમાં વિલય થાય છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લદાખના નિમૂ ઉપરાંત લેહ ખાતે આવેલી સૈન્ય હોસ્પિટલમાં ગલવાન સંઘર્ષ દરમિયાન ઘાયલ થયેલા જવાનોની મુલાકાત પણ લીધી હતી.

# વિશ્વ

## ➤ રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદેમિર પુતિન વર્ષ 2036 સુધી રાષ્ટ્રપતિ પદે રહી શકશે

રશિયાના વર્તમાન રાષ્ટ્રપતિ શ્રી વ્લાદેમિર પુતિનનો કાર્યકાળ વર્ષ 2024માં સમાપ્ત થઈ રહયો છે. જોકે, તાજેતરમાં રશિયાના બંધારણમાં આ અંગે સંશોધન કરવામાં આવ્યું છે. અને આ સંશોધન માટે રશિયામાં કોરોના મહામારીને કારણે સાત દિવસ સુધી મતદાનની પ્રક્રિયા ચાલી હતી. જેમાં રશિયાના નાગરિકોએ શ્રી વ્લાદેમિર પુતિનના કાર્યકાળમાં બે ટર્મનો વધારો કરવાની મંજૂરી આપી છે. આથી, શ્રી વ્લાદેમિર પુતિન હવે વર્ષ 2036 સુધી રશિયાના રાષ્ટ્રપતિ રહી શકે છે.

## ➤ સંયુકત રાષ્ટ્ર અને અન્ય સંસ્થાઓમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે શ્રી ઈન્દ્રમણિ પાંડેની નિમણૂક

સ્વિટ્ઝર્લૅન્ડના જિનેવા ખાતે સંયુકત રાષ્ટ્ર તથા સંયુકત રાષ્ટ્રની WHO, UNHRC વગેરે જેવી 25 જેટલી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે શ્રી ઈન્દ્રમણિ પાંડેની નિમણૂક કરવામાં આવી છે. ભારતના વરિષ્ઠ રાજદ્વારી શ્રી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ઈન્દ્રમણિ પાંડે 1990ની બેચના IFS ઓફિસર છે. તેમણે દમાસ્કસ, કૈરો, ઈસ્લામાબાદ, કાબુલ, મસ્તક, જિનેવા વગેરે સ્થળોએ ભારતના મિશનોમાં કાર્ય કર્યું છે.

## ➤ વિયેતનામના હેનોઈમાં વિશ્વની સૌપ્રથમ ગોલ્ડ પ્લેટેડ હોટેલનો પ્રારંભ

**વિયેતનામ**ની રાજધાની **હેનોઈ** ખાતે **વિશ્વની સૌપ્રથમ ગોલ્ડ પ્લેટેડ હોટેલ**નો પ્રારંભ થયો છે. આશરે 160 મિલિયન પાઉન્ડના ખર્ચે તૈયાર થયેલી આ હોટેલની ઈમારતનો બહારનો ભાગ, હોટેલની ચીજ વસ્તુઓ, કપ, ટોઈલેટ સીટ અને ઈન્ફિનિટી પુલ સહિતની તમામ વસ્તુઓને સોનાનો ઢોળ ચડાવવામાં આવ્યો છે. ટૂંકમાં **'ડોલ્સ'** તરીકે ઓળખાતી આ હોટેલનું પૂરું નામ **'Dolce By Wyndham Hanoi Golden Lake'** છે.

## ➤ વર્લ્ડ બેન્ક અનુસાર નેપાળ હવે ગરીબ દેશ નથી રહયો

કોઈપણ દેશોની પ્રતિ વ્યકિત આવકના આધારે **વર્લ્ડ બેન્ક** દ્વારા **દર વર્ષે** વિશ્વના વિવિધ દેશોનું **ચાર કેટેગરી**માં વર્ગીકરણ કરવામાં આવે છે : **(1) લોઅર (2) લોઅર મિડલ (3) અપર મિડલ અને (4) હાઈ ઈન્કમ**. આ અંતર્ગત વર્ષ **2020-21** માટે વર્લ્ડ બેન્કે નેપાળને **લોઅર** કેટેગરીમાંથી **લોઅર મિડલ**ની કેટેગરીમાં મૂકી દીધું છે. આથી, તે હવે ગરીબ દેશોની કેટેગરીમાંથી બહાર નીકળી ગયું છે. વર્લ્ડ બેન્કના આ વર્ગીકરણ અનુસાર **ભારત** પણ **લોઅર મિડલ** ઈન્કમ વાળો દેશ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ કોરોના લોકડાઉન બાદ સૌપ્રથમ ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની ટેસ્ટ મેચથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો પ્રારંભ

8 જુલાઈ, 2020થી યજમાન **ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ** વચ્ચેની ટેસ્ટ મેચની સિરીઝમાંની પ્રથમ ટેસ્ટ મેચનો પ્રારંભ થયો છે. **ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ** વચ્ચે યોજાયેલી આ ટેસ્ટ મેચ **કોરોના લોકડાઉન બાદ યોજાયેલી વિશ્વની પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ** છે. આ ટેસ્ટ મેચની સાથે જ કોરોના લોકડાઉન બાદ ફરીથી **આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચનો પ્રારંભ** થઈ ગયો છે. **ઈંગ્લેન્ડ**ના **સાઉધમ્પ્ટન (Southampton)** ખાતે આવેલા **The Rose Blow સ્ટેડિયમ**માં આ મેચ યોજાઈ હતી.

ICE ? Questions

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરના સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી સ્ટેમસેલ અને કિડની હોસ્પિટલોને રૂ. 100 કરોડના ખર્ચે કોવિડ કેરમાં ફેરવવાની જાહેરાત કરી છે ? – સુરત
- 'પ્રોજેક્ટ પ્લેટિના' અંતર્ગત ભારતના કયા રાજ્ય દ્વારા 'વિશ્વના સૌથી મોટા પ્લાઝમા ટ્રાયલ–કમ–ટ્રીટમેન્ટ પ્રોજેક્ટ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – મહારાષ્ટ્ર
- ઉત્તરપ્રદેશના રાજ્યપાલ સુશ્રી આનંદીબેન પટેલને કયા રાજ્યના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે ? – મધ્યપ્રદેશ
- મધ્યપ્રદેશના કયા વર્તમાન રાજ્યપાલની જગ્યાએ સુશ્રી આનંદીબેન પટેલને મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે ? – શ્રી લાલજી ટંડન
- કોરોના મહામારી દરમિયાન આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ જીતનાર ભારતના પ્રથમ ખેલાડી કોણ છે ? – શ્રી સુમિત નાગલ
- શ્રી સુમિત નાગલે કયા દેશમાં યોજાયેલી PSD બેન્ક નાર્ડ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ જીતીને કોરોના મહામારી દરમિયાન આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ જીતનાર ભારતના પ્રથમ ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી છે ? – જર્મની
- શ્રી સુમિત નાગલ કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ટેનિસ
- શ્રી સુમિત નાગલ ભારતના કયા રાજ્યના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી છે ? – હરિયાણા
- 3 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં લદાખ ખાતે આવેલા કયા સ્થળે ભારતીય સેનાના જવાનો સાથે મુલાકાત કરી હતી ? – નિમૂ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ લદાખનું નિમૂ (Nimoo, Nimu અથવા તો Nimo) કઈ નદીના કિનારે આવેલું છે ? – સિંધુ અથવા સિંધુ અને ઝાસ્કર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

- કયા દેશમાં થયેલા બંધારણમાં સંશોધનને કારણે હવે તે દેશના વર્તમાન રાષ્ટ્રપતિ વર્ષ 2036 સુધી રાષ્ટ્રપતિ પદે રહી શકે છે ? – રશિયા
- રશિયાના બંધારણમાં થયેલા સંશોધનને કારણે હવે રશિયાના વર્તમાન રાષ્ટ્રપતિ રશિયાના રાષ્ટ્રપતિ પદે કયાં સુધી રહી શકે છે ? – 2036
- સંયુકત રાષ્ટ્ર તથા સંયુકત રાષ્ટ્રની અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં જીનેવા ખાતે ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ઈન્દ્રમણિ પાંડે
- કયા દેશમાં વિશ્વની સૌપ્રથમ ગોલ્ડ પ્લેટેડ હોટેલનો પ્રારંભ થયો છે ? – વિયેતનામ
- કયા શહેરમાં વિશ્વની સૌપ્રથમ ગોલ્ડ પ્લેટેડ હોટેલનો પ્રારંભ થયો છે ? – હેનોઈ
- વિયેતનામના હેનોઈ ખાતે શરૂ થયેલી વિશ્વની સૌપ્રથમ ગોલ્ડ પ્લેટેડ હોટેલનું નામ શું છે ? – ડોલ્સ
- ભારતના કયા પાડોશી દેશને વર્ષ 2020-21 માટે વર્લ્ડ બેન્કે લોઅરમાંથી લોઅર મિડલની કેટેગરીમાં મૂકયો છે ? – નેપાળ
- પ્રતિ વ્યકિત આવકના સંદર્ભમાં વર્ષ 2020-21 માટે વર્લ્ડ બેન્કે ભારતને કઈ કેટેગરીમાં મૂકયો છે ? – લોઅર મિડલ
- કોરોના લોકડાઉન બાદ વિશ્વની પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ કયા બે દેશો વચ્ચે યોજાઈ હતી ? – ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ
- કોરોના લોકડાઉન બાદ સૌપ્રથમ ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની ટેસ્ટ મેચથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચનો પ્રારંભ થયો હતો....આ ટેસ્ટ મેચ કયાં યોજાઈ હતી ? – ધ રોઝ બાઉલ સ્ટેડિયમ, સાઉધમ્પ્ટન (ઈંગ્લેન્ડ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ભારતના એટર્ની જનરલ કે. કે. વેણુગોપાલના કાર્યકાળમાં કેટલા વર્ષનો વધારો કરવામાં આવ્યો છે ? – 1 વર્ષ

2. ભારતના કયા રાજ્યના વન વિભાગે ભારતનો પ્રથમ Lichen Park (કવક પાર્ક) વિકસાવ્યો છે ? – ઉત્તરાખંડ

   (ઉત્તરાખંડના પિથોરગઢ જિલ્લાના કુમાઉના મુનસ્યારીમાં આ પાર્ક વિકસાવવામાં આવ્યો છે. લાઈકેન એ એક વનસ્પતિ છે, જે હિમાલયમાં 5000 મીટરની ઊંચાઈએ જોવા મળે છે.)

3. ભારતમાં કયા રાજ્યની સરકારે કોરોના સામેની લડત માટે 'કિલ કોરોના' અભિયાન શરૂ કર્યું છે ? – મધ્યપ્રદેશ

4. તાજેતરમાં કયા દેશે હોંગકોંગ અંગેના વિવાદાસ્પદ 'રષ્ટ્રીય સુરક્ષા કાયદા'ને મંજૂરી આપી છે ? – ચીન

5. 'આંતરરાષ્ટ્રીય એસ્ટરોઈડ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય ક્ષુદ્રગ્રહ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 30 જૂન

6. શણના ઓછા ઉત્પાદન અને નુકશાનને કારણે કયા દેશે દેશની તમામ સરકારી શણની મિલો બંધ કરવાનો નિર્ણય કર્યો છે ? – બાંગ્લાદેશ

7. અમેરિકાની પ્રસિદ્ધ અવકાશ સંસ્થા  નાસાએ અમેરિકાના વોશિંગ્ટન ડી. સી. ખાતે આવેલા તેના હેડક્વાર્ટરને કોનું નામ આપવાનો નિર્ણય કર્યો છે ? – સુશ્રી મેરી ડબલ્યૂ જેકસન

   (સુશ્રી મેરી ડબલ્યૂ જેકસન નાસાના પ્રથમ આફ્રિકી અમેરિકી મહિલા એન્જિનિયર હતા.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ કઈ કંપનીએ વિશ્વભરમાં આવેલા તેના તમામ 83 રિટેલ સ્ટોર બંધ કરવાની જાહેરાત કરી છે ? – માઈક્રોસોફ્ટ

9. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 600 મેગાવોટના ખોલોંગ છૂ જેવી હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ માટે સમજૂતી થઈ છે ? – ભૂટાન

(ભૂટાનની ખોલોંગ છૂ નદી પર બનનારો આ પ્રોજેક્ટ ભારત અને ભૂટાન વચ્ચેનું પ્રથમ સંયુક્ત સાહસ છે.)

10. ભારતના કયા રાજ્યમાં શહેરી ગરીબોને સસ્તા ઘર ઉપલબ્ધ કરાવવા માટેની બે યોજનાઓ માટે ભારત અને વર્લ્ડ બેન્ક વચ્ચે 200 મિલિયન ડોલરની સમજૂતી થઈ છે ?

– તમિલનાડુ

11. વર્લ્ડ બેન્કે ભારતના MSME સેક્ટર માટે કેટલા રૂપિયાનું ફંડ મંજૂર કર્યું છે ?

– 750 મિલિયન ડોલર

12. રાજ્યના યુવાનોને નોકરી શોધવામાં મદદ મળી રહે તે માટે ભારતના કયા રાજ્યમાં 'કૌશલ કનેક્ટ ફોરમ' નામનું એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ? – કર્ણાટક

13. ઈસરોના કયા અવકાશયાનને મંગળ ગ્રહના 'ફોબોસ' નામના સૌથી મોટા ચંદ્રનો ફોટો લેવામાં સફળતા મળી છે ? –મંગળયાન

(મંગળયાનના 'માર્સ કલર કેમેરા' દ્વારા આ ફોટો લેવામાં આવ્યો છે.)

14. તાજેતરમાં ભારતમાં કયા દિવસે 'ધર્મ ચક્ર દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?

– અષાઢી પૂનમ (ગુરૂપૂર્ણિમા)

[આ દિવસે શ્રી ગૌતમ બુદ્ધે ભારતના ઉત્તરપ્રદેશના વારાણસી જિલ્લાના રિસિપત્તન (વર્તમાન : સારનાથ)માં પાંચ શિષ્યોને બૌદ્ધ ધર્મનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો. આથી, આ દિવસની યાદમાં સમગ્ર વિશ્વમાં બૌદ્ધ ધર્મના અનુયાયીઓ આ દિવસને 'ધર્મ ચક્ર પ્રવર્તન'

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

અથવા તો 'ધર્મ ચક્રને ગતિ આપનારા દિવસ' તરીકે ઉજવે છે.]

15. દર વર્ષે 4 જુલાઈના રોજ કયા દેશનો સ્વતંત્રતા દિવસ ઉજવાય છે ? – અમેરિકા

(4 જુલાઈ 1776ના રોજ ગ્રેટ બ્રિટનથી સ્વતંત્ર થવાના જાહેરનામા પર અમેરિકાએ હસ્તાક્ષર કર્યા હતા. આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 4 જુલાઈના રોજ અમેરિકામાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.)

16. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત રાષ્ટ્રપતિને માહિતી પૂરી પાડવા વગેરે સંબંધી પ્રધાનમંત્રીની ફરજોની જોગવાઈ કરવામાં આવી છે ? – અનુચ્છેદ 78

(તાજેતરમાં 5 જુલાઈ, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની મુલાકાત લઈને તેમને ભારત ચીન–સરહદ વિવાદ, COVID-19 સંબંધિત વિવિધ તથ્યો વગેરે વિશે માહિતી આપી હતી. આથી, આ અનુચ્છેદ હાલ પ્રાસંગિક છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. ભારતના કયા રાજ્યના દુધવા ટાઈગર રિઝર્વમાં ઓર્કિડ ફૂલની અતિદુર્લભ પ્રજાતિ ભારતમાં 128 વર્ષ બાદ જોવા મળી છે ? – ઉત્તરપ્રદેશ

(ઉત્તરપ્રદેશના દુધવા ટાઈગર રિઝર્વમાં યુલોફિયા ઓબ્તુસા નામની ઓર્કિડ ફૂલની અતિદુર્લભ પ્રજાતિ જોવા મળી છે.)

18. ભારતમાં પાન નંબરને આધાર નંબર સાથે લિંક કરાવવાની અંતિમ તારીખ વધારીને ક્યાં સુધી કરવામાં આવી છે ? – 31 માર્ચ 2021

(આ અગાઉ આ માટેની અંતિમ તારીખ 30 જૂન 2020 હતી.)

19. કયા આફ્રિકી દેશમાં છેલ્લા બે મહિનામાં 350થી વધુ હાથીઓના રહસ્યમય સંજોગોમાં મોત થયા છે ? – બોત્સવાના

(બોત્સવાના વિશ્વમાં સૌથી વધુ હાથીઓની સંખ્યા ધરાવતો દેશ છે.)

20. ગુજરાતના ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ગુજરાત રાજયની 'સોલાર પાવર પોલિસી – 2015' કયાં સુધી લંબાવવાની જાહેરાત કરી છે ? – 31 ડિસેમ્બર 2020

(આ પોલિસીની મુદત 31 માર્ચ 2020ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી. જોકે, તેને હવે 31 ડિસેમ્બર 2020 સુધી લંબાવવામાં આવી છે.)

21. ગુજરાતમાં કોરોના લોકડાઉન દરમિયાન એપ્રિલ, મે અને જૂન 2020 એમ ત્રણ મહિના માટે ગુજરાત સરકારે ગુજરાતના નાગરિકોને કેટલા રૂપિયાની બજાર કિંમતનું 122 લાખ ક્વિન્ટલ અનાજનું વિનામૂલ્યે વિતરણ કર્યું છે ? – રૂ. 3338 કરોડ

22. ભારતમાં વર્ષ 2020-21ના શૈક્ષણિક વર્ષ માટે CBSEએ ધોરણ 9 થી 12ના અભ્યાસક્રમમાં કેટલા ટકા સુધીનો ઘટાડો કર્યો છે ? – 30 ટકા

(આ ઉપરાંત ભારતમાં ધોરણ 8 સુધી અભ્યાસક્રમમાં કેટલો ઘટાડો કરવો તેનો નિર્ણય CBSEની સ્કૂલો જાતે લઈ શકશે. CBSEનું પૂરું નામ Central Board of Secondary Education છે CBSEના આ નિર્ણય બાદ ગુજરાત બોર્ડની સ્કૂલોમાં પણ ધોરણ 9 થી 12ના અભ્યાસક્રમમાં 30 ટકાનો કાપ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.)

23. તાજેતરમાં ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારી સામે સોનાની દાણચોરીમાં સંડોવણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો ? – કેરળ

24. ગુજરાતમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે એક ગાયના નિભાવ ખર્ચ પેટે ખેડૂતોને દર મહિને રૂ. 900 અને વાર્ષિક રૂ. 10,800 સહાય આપવાની જાહેરાત કરી હતી...આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોએ ઓછામાં ઓછી કેટલી જમીન પર ગાયના મળ–મૂત્રથી પ્રાકૃતિક ખેતી કરવી પડશે ?

– 1 એકર અથવા તો 40 ગુંઠા

(આ યોજના અંતર્ગત અગાઉ સરકારે તમામ જમીન પર પ્રાકૃતિક ખેતી કરવાની શરત રાખી

હતી. જે ઘટાડીને હવે 1 એકર અથવા તો 40 ગુંઠા કરવામાં આવી છે.)

25. ભારત સાથે સીમા વિવાદ બાદ નેપાળે જાહેર કરેલા નવા નકશાનો નેપાળની સંસદમાં વિરોધ કરીને ભારતની તરફેણ કરનાર મહિલા સાંસદનું નામ શું છે ? – સુશ્રી સરિતા ગિરિ

(જોકે, આ માટે પક્ષના આદેશનો ભંગ કરવા બદલ સુશ્રી સરિતા ગિરિને તેમના પક્ષ 'જનતા સમાજવાદી પાર્ટી'માંથી હટાવી દેવામાં આવ્યા છે.)

26. વિશ્વના સૌથી વૃદ્ધ કોજોઈન્ડ ટ્વિન્સ શ્રી રોની અને શ્રી ડોની ગેલોનનું 68 વર્ષની વયે નિધન થયું છે...તેમના દેશનું નામ શું છે ? – અમેરિકા

(અમેરિકાના ઓહિયો નામના રાજ્યના ડેટોન ખાતે તેમનું નિધન થયું છે.)

27. ભારતના કયા રાજ્યમાં કોઈ વ્યકિતના નિધન બાદ ઉત્તરક્રિયાનું ભોજન કરાવનારને રૂ. 1 હજાર દંડ તથા 1 વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે ? – રાજસ્થાન

28. દેહિંગ પટકાઈ વન્યજીવ અભયારણ્ય ભારતના કયા રાજ્યમાં આવેલું છે ? – આસામ

(આસામમાં આવેલા આ અભયારણ્યને 6 જુલાઈ, 2020ના રોજ આસામ સરકારે 'નેશનલ પાર્ક' તરીકે વિકસાવવાનો નિર્ણય કર્યો છે. આથી, તે હાલ ચર્ચામાં છે. આ અભયારણ્ય હાથીઓ માટે પ્રસિદ્ધ છે.)

29. યુવાનોને નોકરી શોધવામાં મદદ મળી રહે તે માટે ભારતના કયા રાજ્યમાં મહાજોબ્સ (Mahajobs) નામનું એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ? – મહારાષ્ટ્ર

30. ભારતમાં MSME ઉદ્યોગોની સહાયતા માટે કયા પ્રોગ્રામ માટે ભારત અને વર્લ્ડ બેન્ક વચ્ચે 750 મિલિયન ડોલરના કરાર થયા છે ?

– MSME Emergency Response Programme

31. પર્યાવરણ સંરક્ષણ માટે ભારતીય રેલવે દ્વારા ભારતના રેલવે નેટવર્કને કયાં સુધીમાં નેટ શૂન્ય (Net Zero) કાર્બન ઉત્સર્જનવાળું નેટવર્ક બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

– 2030

32. ભારતીય રેલવે નેટવર્કને કયાં સુધીમાં સંપૂર્ણ રીતે વિદ્યુત સંચાલિત નેટવર્ક બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ? – 2024

33. તાજેતરમાં વિશ્વના કયા દેશમાં 'શ્રી સપ્તમાઈ ગુરૂકુલ સંસ્કૃત વિદ્યાલય'ના નવા ભવનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે ? – નેપાળ

34. જેમની પાસે પોતાની જમીન નથી તેવા ખેડૂતોને લોન ઉપલબ્ધ કરાવવા માટે ભારતના કયા રાજ્યમાં 'બલરામ' નામની એક યોજના શરૂ કરવામાં આવી છે ? – ઓડિશા

35. તાજેતરમાં ભારતના શ્રી જી. આકાશને આંતરરાષ્ટ્રીય ચેસ ફેડરેશન દ્વારા ગ્રાન્ડમાસ્ટરનો ખિતાબ આપવામાં આવ્યો છે. આ સાથે જ શ્રી જી. આકાશ ભારતના 66મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બની ગયા છે. શ્રી જી. આકાશ ભારતના કયા રાજ્યના ચેસ ખેલાડી છે ?

– તમિલનાડુ

36. 6 જુલાઈ 2020ના રોજ કયા દેશ દ્વારા 'ઓફેક-16' નામનો જાસૂસી ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે ? – ઈઝરાયેલ

37. તાજેતરમાં ભારતમાં શ્રી હરીશ શાહનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

– ફિલ્મ

(શ્રી હરીશ શાહ ભારતના પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક હતા. તેમણે 'કાલા સોના', 'મેરે જીવન સાથી', 'રામ તેરે કિતને નામ', 'ધન દૌલત', 'જલજલા', 'જાલ–દ ટ્રેપ', 'અબ ઈન્સાફ હોગા' વગેરે જેવી અનેક ફિલ્મોનું નિર્માણ કર્યું હતું.)

38. ઉત્તરપ્રદેશમાં આઠ જેટલા પોલીસ જવાનોની હત્યા કરનાર વિકાસ દુબે મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે આવેલા કયા મંદિરમાંથી પકડાઈ ગયો હતો ? કે જેનું ત્યારબાદ એન્કાઉન્ટરમાં મૃત્યુ થયું હતું ? – શ્રી મહાકાલ મંદિર

39. જુલાઈ 2020 દરમિયાન ભારતના કયા પાડોશી દેશે DD News સિવાયની તમામ ભારતીય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ચેનલો પર પ્રતિબંધ મૂકયો છે ? – નેપાળ

(ભારતીય ટીવી ચેનલો નેપાળ વિરુદ્ધ પ્રચાર કરી રહી હોવાનો આરોપ મૂકીને નેપાળે આ નિર્ણય કર્યો છે.)

40. WHO દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર વર્ષ 2013ના નિર્ધારિત લક્ષ્ય પહેલા જ ખસરા અને રુબેલા નામના રોગોની સમાપ્તિ કરનાર દક્ષિણ–પૂર્વ એશિયાના પ્રથમ બે દેશ કયા છે ? – શ્રીલંકા અને માલદીવ

41. તાજેતરમાં કયા દેશે ભારત સાથે હવાઈ ઉડ્ડયન અંગે 'Open Sky Agreement' કરવાની ઈચ્છા વ્યકત કરી છે ? – UAE (United Arab Emirates)

42. 5 જુલાઈ, 2020 દરમિયાન વિશ્વના કયા દેશમાં ‘બૂબોનિક પ્લેગ’નો એક કેસ જોવા મળ્યો હતો ? – ચીન

(ચીનના ‘ઈનર મંગોલિયા’ નામના વિસ્તારમાં ‘બૂબોનિક પ્લેગ’નો એક દર્દી મળી આવ્યો હતો. ‘બૂબોનિક પ્લેગ’ કોઈ નવી બિમારી નથી. પરંતુ તેની સારવાર કરવામાં ન આવે તો તે ખતરનાક સાબિત થઈ શકે છે. 14મી સદીમાં આ બિમારીથી એકલા યુરોપમાં જ 5 કરોડ લોકોના મૃત્યુ થયા હતા.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

43. તાજેતરમાં ચીન દ્વારા હોંગકોંગમાં ‘રાષ્ટ્રીય સુરક્ષા કાનૂન’ લાગુ કરવામાં આવતા કયા દેશે હોંગકોંગ સાથેની પ્રત્યાર્પણ સંધિ સ્થગિત કરી દીધી છે ? – ઓસ્ટ્રેલિયા

44. ભારતીય સેના દ્વારા સેનાના જવાનો તથા કર્મચારીઓ માટે કુલ કેટલી મોબાઈલ એપના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ? – 89

(મહત્ત્વની માહિતી લિક ન થાય તે માટે ફેસબૂક, ટિકટોક, ટ્રુ કોલર, ઈન્સ્ટાગ્રામ, પબ–જી સહિતની 89 એપ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT